પિસ્તાલીસ આગમો

[સંક્ષિપ્ત રૂપરેખા]

(સચિત્ર)

●

લેખક

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.

●

પ્રકાશક

શા. હીરાભાઈ નગીનભાઈ જરીવાળા

શ્રી નિશાન પોળ જૈન પેઢી

●

પ્રથમ આવૃત્તિ

વીરસંવત્ ૨૪૮૦] વિ. સં. ૨૦૧૦ [ઈ. સ. ૧૯૫

મૂલ્ય રૂ. ૦-૮-૦

પ્રાપ્તિસ્થાન
શ્રી દેશાઈ પોળ જૈન પેઢી,
ગોપીપુરા, સુરત.

[આ પુસ્તકના પુનર્મુદ્રણનો હક બેનો સ્વાધીન છે (૧) પ્રો. હીરાલાલ ર. કાપડિયાનો અને ( ) "શ્રી દેશાઈ પોળ જૈન પેઢી"નો. આ પુસ્તકના ભાષાંતર વગેરેને લગતા બાબતના તમામ હક તો પ્રો. હીરાલાલ ર. કાપડિયાને જ સ્વાધીન છે.]

મુદ્રક
[illegible]
[illegible]
ખપાટિયા ચકલો
સુરત

હક બેનો સ્વતંત્રપણે છે (૧) શ્રી હીરાચંદ
(૨) “શ્રી દેશાઈ પોળ જૈન પેઢી ગ્ર
ોરેને લગતા ભાગના તમામ હક તા એગ્રે
ડિયાને જ સ્વાધીન છે]

મુદ્રક
ધ્રુવકુમાર ન માસ્તી
ગાંડીવ મુદ્રણાલય
હવાડિયા ચકલા
સુરત

શાન્તમૂર્તિ નમ્રમન પૂજ્યપાદ આચાર્ય

જન્મ વિ સં ૧૯૪૭, દીક્ષા વિ સં ૧૯૬૨



ઉપાધ્યાય-પદ વિ સં ૧૯૮૭, આચાર્ય-પદ વિ સં ૧૯૯૨

શ્રીવિજયવિજ્ઞાનસૂરીશ્વરજી

સમર્પણ

શાન્તમૂર્તિ તત્ત્વજ્ઞ સ્થવિર શાસનપ્રભાવક
પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આચાર્ય શ્રી
વિજયવિજ્ઞાનસૂરીશ્વરજીએ
આ સચિત્ર પ્રકાશનને અંગે
મહામૂલ્યશાળી વિવિધ સૂચનાઓ અવારનવાર
કરી અમોને ઉપકૃત કર્યા છે તેના
સ્મરણ-ચિહ્ન તરીકે આ પુસ્તક
અમે એમના કરકમળમાં
સાદર અને સાનંદ
સમર્પિત કરીએ
છીએ.

ગોપીપુરા સુરત.
વિ. સં. ૨૦૧૦

પ્રકાશક

બ્રાહ્મી અને જૈન નાગરી લિપિમાં

નવકાર મંત્ર

न मो अ रि ह ता ण।

न मो सि द्धा ण।

न मो आ य रि या ण।

न मो उ व ज्झा या ण।

न मो लो ए स व्व सा हू ण।

ए सो प च न मु क्का रो

स व्व पा व प्प णा स णो।

म ग ला ण च स व्वे सि

प ढ मं ह व इ म ग लं॥

સંયોજક-મુનિશ્રી શુભંકરવિજય

શ્રી ... જૈન પેઢી સૂરત

પ્રકાશકીય

દુનિયાના તખ્ત ઉપર એક સનાતન સિદ્ધ નિયમ [illegible] કે દરેક કાર્યની ઉત્પત્તિમા કોઈ ને કોઈ કારણ [illegible] તેમ આ પુસ્તકની ઉત્પત્તિમા પણ બન્યુ છે

આ વર્ષે, અહીંના ગોપીપુરામાના નેમુભાઈ [illegible] ઉપાશ્રયે, શ્રીસંઘની વર્ષોની વિનતીના સ્વીકાર [illegible] શાસનસમ્રાટ્ આચાર્ય શ્રીમાન વિજયનેમિ[illegible] સાહેબના પટ્ટાલંકાર નમસ્ય શાન્તમૂર્તિ [illegible] વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા [illegible] પ્રાકૃતવિદ્-વિશારદ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય [illegible] સૂરિજી મહારાજ સાહેબ આદિ ઠા ૧૯ [illegible] શ્રીસંઘમા અપૂર્વ આનંદ પ્રસરી રહ્યો છે, અને [illegible] છાયામા અનેકવિધ શાસનની પ્રભાવનાના કાર્ય [illegible]

તેઓ પૂજ્યશ્રીના સદુપદેશથી શ્રીપિ[illegible] શરૂઆત ૯૦ ભાવુક શ્રાવક-શ્રાવિકાઓએ [illegible] આરાધક-વર્ગમા આરાધનાના રસની વૃદ્ધિ [illegible] સાથે એકાદશ-અંગ, સ્વર્ગ-સ્વસ્તિક વગે[illegible] વધારો થવાથી આરાધનામા વિશેષ [illegible] આ તપની પુણ્ય સ્મૃતિ કાયમ રહ્યા [illegible] મંગળ સમાપ્તિ નિમિત્ત તપના [illegible] પ્રભાવના કરવાના ચઢેલા આરાધક-વર્ગ [illegible] કાયને પહોંચી વળવા માટે દાખો [illegible] પૂજા, પ્રભાવના અને ભાવના થવા [illegible] 'શ્રીજિનાગમગ્રન્થ'ની કળાત્મક રચના [illegible] પ્રભાવનાને વધારતો [illegible] હતો.

ઉપર્યુક્ત તપની કાયમ પુણ્ય સ્મૃતિ માટે પૂજ્ય સૂરિદેવને વાત કરતા તેઓશ્રીએ સૂચન કર્યું કે કઈ નહિ તો શ્રી આગમપુરુષનુ ચિત્ર ઑઈલ પેઈન્ટથી આલેખવામા આવે તો તે ચિત્ર જોતા અમને તેમજ બીજા સૌ કોઈને શ્રીજિનાગમની મહત્તા અને વિશિષ્ટતાનો ખ્યાલ આવે આ કથન આરાધક-વર્ગને રુચ્યુ પણ ખરુ સાથે જ પૂજ્ય આચાર્યદેવેશે જણાવ્યુ કે એકવા ચિત્ર કરતા જો શ્રીપિસ્તાલીશ આગમનો ટૂંકો પણ પરિચય કરાવનાર એવા એ નિબંધની ખોટ પૂરી પડે તો આ તપની પુણ્ય સ્મૃતિ તે તપના આરાધક જ માટે નહિ પરંતુ સૌ કોઈ જિજ્ઞાસુ માટે ખૂબ લાભદાયક નીવડે આ સૂચનાનો તરત અમલ થાય તે માટે અમે પરમ પૂજ્ય આચાર્યદેવના ગાઢ સંપર્કમા આવેલા તત્ત્વચિંતક શ્રમણોપાસક પ્રોફેસર હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ એ મહાશયને એ કાર્ય કરવા વિનપ્તિ કરી, કેમકે એમણે આ વિષયને અંગે, જૈન તેમજ જૈનેતર વિદ્વાનોને ઉપયોગી થઈ પડે એવુ "આગમોનુ દિગ્દર્શન" નામનુ પુસ્તક રચ્યુ હતું એ વિજ્ઞપ્તિ સ્વીકારી તેઓએ તે કામ ખૂબ ટૂંક સમયમા સુંદર રીતે કરી આપ્યું તે બદલ તેમજ અમારી વિજ્ઞપ્તિ અનુસાર આગમ-પુરુષની પ્રતિકૃતિનો સંક્ષિપ્ત પરિચય પણ લખી આપ્યો તે બદલ તેમના અમે આભારી છીએ

પુસ્તકની શરૂઆતમા આપેલી શ્રીઆગમ-પુરુષની પ્રતિકૃતિ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાની દેખરેખ નીચે તૈયાર કરાવી છે તે બદલ અમે તેઓશ્રીના અત્યન્ત ઋણી છીએ

પ્રસ્તુત પ્રકાશનને અંગે અમને શ્રીવિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબે જે ત્રણ વિશિષ્ટ સૂચનાઓ કરી હતી એમાથી બેનો નિર્દેશ અમે ઉપર કરી ગયા એમની ત્રીજી સૂચના એ હતી કે બ્રાહ્મી લિપિમા નવકારમંત્ર તૈયાર કરાવી આ પ્રકાશનના મંગળાચરણ તરીકે એને સ્થાન આપવું એમની આ સૂચનાને

પણ અમે મૂર્તિય સ્વરૂપ આપી શકયા છીએ તે બદલ અમને આનન્દ થાય છે, એટલુ જ નહિ પણ અમા માટે ગૌરવનો વિષય બને છે કે કેમકે શ્રીભગવતીસૂત્રમા જે બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો છે તેના દર્શન જૈન જનતાને કરાવવા અને તે પણ આપણા ઉત્કૃષ્ટ મગળ અને મન્ત્રરૂપ નવકારના આલેખન દ્વારા કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ

ભારતીય પ્રાચીન લિપિમાલાને આધારે નવકારમન્ત્રના અક્ષરોની 'બ્રાહ્મી' લિપિમા યોજના કરી આપવા બદલ અમે શ્રીવિજયકસ્તૂરસૂરીશ્વરજીના શિષ્ય પન્ન્યાસ યશોભદ્રગણિવરના શિષ્ય મુનિશ્રી શુભકરવિજયજીના આભારી છીએ આ કાર્યમા કોઈ દોષ રહી જતો હોય તો અમે તે બદલ સકળ સઘની ક્ષમા યાચીએ છીએ અને એના નિવારણાર્થે અમે એના નિષ્ણાતોને વિનવીએ છીએ

આ આચાર્ય શ્રીના શિષ્યરત્ન મુનિશ્રી ચન્દ્રોદયવિજયજીએ આ પુસ્તકનુ સપાદન-કાર્ય કરી આપ્યુ છે તે બદલ તેમના અમો આભારી છીએ દૃષ્ટિદોષાદિથી કોઈ સ્ખલના થયેલી હોય તો તે સૂચવવા વિદ્વાનો કૃપા કરશે તો હવે પછીની આવૃત્તિમા સુધારો કરાશે

આ પુસ્તક છપાવવામા શ્રીપિસ્તાલીસ આગમ વગેરે તપના આરાધકો તરફથી રૂા ૧૪૫ની મદદ મળી છે તે માટે તેમનો અમે આભાર માનીએ છીએ

આ પુસ્તકની મુદ્રણાલય-પુસ્તિકા (press-copy) સુરતના શ્રી જયતિલાલ ચીમનલાલ સઘવીએ તૈયાર કરી આપી છે તેની અમે સાનદ નોધ લઈએ છીએ

ગોપીપુરા, સુરત
ધનતેરસ,
વિ સં. ૨૦૧૦

હીરાભાઈ નગીનભાઈ જરીવાલા
શ્રી દેસાઇ પોળ જૈન પેઢી

નિવેદન

જેમ કપાળે કપાળે મતિ જુદી હોય છે તેમ રુચિ પણ જુદી જાતની હોય છે કેટલાક જનોને કોઇ પણ વિષયનું સંક્ષિપ્ત નિરૂપણ ગમે છે તો કેટલાકને એ જ વિષય વિસ્તારથી વર્ણવેલો જોવાની ઉત્કંઠા હોય છે આમ સામાન્ય રીતે 'સંક્ષિપ્ત-રુચિ' અને વિસ્તીર્ણ-રુચિ' એમ જનતાના મુખ્ય બે વર્ગો પડે છે આમાં એ વચલો વર્ગ પણ છે, અને તેને અતિશય સંક્ષિપ્ત કે ખૂબ વિસ્તૃત નિરૂપણ પસંદ નથી આને લઇને કેટલાક શાસ્ત્રોની પણ સંક્ષિપ્ત, મધ્યમ અને બૃહત એમ ત્રણ જાતની સંકલના જોવાય છે

પ્રત્યેક ધર્માવલંબીને પોતાના શાસ્ત્રો પ્રત્યે પૂર્ણ આદરભાવ હોય છે એમાં જૈનો અપવાદરૂપ નથી આથી કરીને એઓ પોતાના આગમોનું બહુમાન કરતા આવ્યા છે અને કરે છે તે સમુચિત છે, પરંતુ સામાન્ય રીતે હંમેશા બનતું આવ્યું છે તેમ જૈનોનો મોટો ભાગ વસ્તુસ્થિતિથી પૂર્ણ પરિચિત બન્યા વિના જ પૂજ્ય ભાવ સેવે છે વળી ઉપલબ્ધ આગમો અર્દ્ધમાગધી (સં અર્ધમાગધી)માં રચાયેલા હોવાથી અને એના પ્રાચીન વિવરણો પાઇય (પ્રાકૃત) અને સંસ્કૃતમાં હોવાથી આગમોમાં કયો કયો વિષય આવે છે ઇત્યાદિ બાબતોથી મોટો ભાગ અજાણ હોય એમ જણાય છે આ વાતને લક્ષ્યમાં રાખી જૈન આગમોની આછીપાતળી રેખા પિસ્તાલીસ આગમોની ગુજરાતીમાં પૂજા રચનારાઓએ પૂરી પાડી છે એમાં શુભવિજયજીના શિષ્ય કવિ વીરવિજયજીની વિ સં ૧૮૮૧માં રચાયેલી પૂજા અને પદ્મવિજયજીના શિષ્ય રૂપવિજયજીની વિ સં ૧૮૮૫માં રચાયેલી પૂજા સુપ્રસિદ્ધ છે વિસ્તૃત રુચિને માટે આગમોનું દિગ્દર્શન અને એના ઉપરથી

પ્રેરણા મેળવીને રચાયેલી [1]પ્રવચન-કિરણાવલી જેવા ગુજરાતી પુસ્તકો છે પરન્તુ ઉપર્યુક્ત પૂજાઓ તેમજ આ બે પુસ્તકો આગમોના પરિચયની બે અંતિમ કોટિ જેવાં છે વિશેષમાં મધ્યમ ગણીને ન તોળી શકે એવાં લખાણો આગમોના પરિચયરૂપે કોઈ કોઈ પુસ્તકોમાં મળી આવે તેમ છે, પરંતુ એ જાતનું સ્વતંત્ર પુસ્તક હજી સુધી કોઈ સ્થળેથી પ્રકાશિત થયેલું જણાતું નથી એટલે, તેમજ પૂજાઓના હાર્દને સમજવામાં ઉપયોગી સાધન તરીકે કામ લાગે અને અજૈનો જૈન આગમોથી અજ્ઞાત પણ પરિચિત બની શકે એ ઉદ્દેશથી મેં આ પુસ્તક તૈયાર કર્યું છે

આગમો અદ્ધમાગધીમાં રચાયા છે એટલે એનાં નામો એ જ ભાષામાં હોય એ સ્વાભાવિક છે તેમ છતાં સંસ્કૃત ભાષાનું વર્ચસ્વ સ્થપાતાં એનાં નામો તેમજ એના છ વર્ગો તેમજ આગમોના વિભાગોનાં નામ સંસ્કૃતમાં જ થવા લાગ્યાં અને એ નામો, શાસ્ત્રીય નહિ હોવા છતાં વિશેષ પ્રચારમાં આવ્યાં છે આથી મેં આ મુખ્યતયા લોકભોગ્ય પુસ્તકમાં એ નામોને પ્રાધાન્ય આપ્યું છે, બાકી આગમોનાં મૂળ અદ્ધમાગધી નામોને મેં આ પુસ્તકમાં સ્થાન આપ્યું છે

કેટલાક આગમો ઉપર એક કરતાં વધારે સંસ્કૃત ટીકાઓ છે, પણ અહીં તો પ્રાયઃ ઉપલબ્ધ મુખ્ય ટીકાનો ઉલ્લેખ છે

આગમોના અગાદિ છ વર્ગોના ક્રમ માટે તેમજ એના પહેલા બે વર્ગોમાંના આગમોને બાદ કરતાં બાકીના આગમો માટેના ક્રમ

૧ આ પુસ્તકમાં કેટલીયે વાર મળતી બાબતો દર્શાવતી વેળા એનાં વિવરણગત બીનાઓને એમાં ભેળવી દેવાઈ છે

૨ આ કરતાંયે મોટો ગ્રંથ રચવાનો અને એ દ્વારા સમસ્ત આગમો અને એનાં વિવિધ વિવરણોનો સર્વાંગીણ પરિચય પૂરો પાડવાની મારી ભાવના છે અને એને અંગેનો મારો પ્રયાસ ચાલુ છે

માટે આજ દિન સુધીમા કોઇ સર્વમાન્ય તો શું પણ બહુમાન્ય નિર્ણય પણ થયેલો જણાતો નથી આ પ્રકાશનમા આગમ-પુરુષની પ્રતિકૃતિમા જે ક્રમે આગમોનો ઉલ્લેખ કરાયો છે તે ક્રમ સાથે મેળ રહે એ લક્ષ્યમા રાખી મે આગમોની રૂપરેખા આલેખી છે

આક વિષયમા આ કાર્ય પૂરુ કરવાનુ હોવાથી યથેષ્ટ સાધનો નહિ મળી શકવાથી મૂળ અને એના વિવિધ વિવરણોના પરિમાણનો નિર્દેશ કોઇ કોઇ પુસ્તકોમા જેનો જોવામા આવ્યો તે પ્રમાણે અહીં કરાયો છે

પ્રાકૃતજ્ઞ સમયારાધક જૈનાચાર્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજી મારા પ્રત્યે એકવાગ સ્નેહ રાખે છે, અને મારી સાહિત્ય-પ્રવૃત્તિમાં સદા સ્વાભાવિક રસ લે છે એથી મે એ સૂરિજીને આ પુસ્તક સાદ્યન્ત તપાસી જવા વિજ્ઞપ્તિ કરી હતી પરતુ એમને પૂરતો સમય નહિ હોવાથી એઓ આ પુસ્તકનુ વિહગાવલોકન કરવાની જ કૃપા કરી શક્યા છે

અહીંના આગમ-મન્દિરમાના આગમ-પુરુષનો પરિચય મે આ પૂર્વે આપ્યો છે તેમ આ પ્રકાશનગત 'આગમ-પુરુષ'ની પ્રતિકૃતિ વિષે પણ મારે થોડોક નિર્દેશ કરવો એમ પ્રકાશક સસ્થા તરફથી સૂચવાયુ હોવાથી મે એ કાર્ય કર્યુ છે

આ પ્રકાશનના પ્રારભમા જે "પચમગણમહાસુયક્ખધ" 'બ્રાહ્મી' લિપિમા જ કરાયો છે તેથી આજથી ચૌદ વર્ષ ઉપર-વિ સ ૧૯૯૬મા આ લિપિને અગે જે કાર્ય કરવાની મે 'સમયજ્ઞ' જૈનાચાર્ય શ્રીવિજયવિજ્ઞાનસૂરિજીને વિજ્ઞપ્તિ કરી હતી તે અશતઃ ફલિત થતી જોઇ મને આનદ થાય છે

સાકડી શેરી, ગોપીપુરા,
સુરત.
વિજયાદશમી (તા ૭-૧૦-૫૪)
વિ. સ ૨૦૧૦

હીરાલાલ ર કાપડિયા

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨	૧૮	પુષ્પચલિયા	પુષ્પચૂલિયા
૩	૩	પ્રાયશ્ચિતો	પ્રાયશ્ચિત્તો
૩	૫	નિસીહ	નિસીહ, દસા,
૩	૯	નિમ્નનિખત	નિમ્નલિખિત
૫	૧૪	ચલાને	ચૂલાને
૭	૧૨	આધ્યયનો	અધ્યયનો
૮	૩	નિમ્નલિખન	નિમ્નલિખિત
૧૧	૨૩	ઉર્દૃત	ઉદ્ધૃત
૧૨	૧૧	જન	જૈન
૧૨	૧૩	જન	જૈન
૧૭	૧૨	દ્વીપાયન	દ્વૈપાયન
૧૭	૧૬	૮૫૦	૮૫૦ શ્લોક
૧૭	૧૭	પ્રરૂપના	આગમ-પ્રરૂપણા
૧૮	૨૩	બહત્કપનિદત્ત	બૃહત્કપનિદત્ત
૨૧	૮	ઓળખાવના	ઓળખાવાતા
૨૨	૨૨	ઉદ્દેશીને	ઉદ્દેશાને
૨૯	૧૨	શ્રણિ	શ્રેણિ
૩૦	૮	કણિકનો	કૂણિકનો
૩૪	૧૧	ચર્ણિ	ચૂર્ણિ
૩૬	૧	ચરિત્રનુ	ચરિત્રનું
૪૦	૧૬	પિંડનિજ્જત્તિ	પિંડનિજ્જુત્તિ
૪૧	૧	શ્રતકેવલી	શ્રુતકેવલી
૪૭	૯	ચલા	ચૂલા

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૦	૧૪	મુદ્દત	મુહૂર્ત
૫૧	૪	૦	તપના ૩૬૦ પ્રકારો તેમ કરણ જાણવાની રીત વિશે પ્રકીર્ણકમાં ઉલ્લેખ છે
૫૬	૭	પ્રકીર્ણક	પ્રકીર્ણક
૫૭	૯	મન પર્યવ	મન પર્યવ
૫૮	૬	વત્થર	વિદ્ધય
૬૦	૧૪	અર્જન	અર્જેન
૬૦	૨૧	ચુર્ણિ	ચૂર્ણિ



અનુક્રમણિકા




પિસ્તાલીસ આગમો

પ્રકરણ ૧ : પીઠિકા

ઉ.ભ.—શ્રમણ ભગવાન મહાવીરસ્વામી ઈ સ પૂર્વે ૫૫૭મા સર્વજ્ઞ બન્યા. બીજે દિવસે એમણે અગિયાર વેદમૂર્તિ બ્રાહ્મણોને દીક્ષા આપી. એમને 'ગણધર'ની માનવંતી પદવીથી નવાજ્યા એ સમયે તીર્થસ્થાપતી વેળા મહાવીરસ્વામીએ એ અગિયારે ગણધરોને જૈન દર્શનની મહામૂલી ચાવીરૂપ [1]ત્રિપદીનો બોધ કરાવતા કહ્યુ કે પ્રત્યેક પદાર્થ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને એ ધ્રુવ (સનાતન) પણ છે એ ગહન ભાવવાળી ત્રિપદીને લક્ષ્યમા રાખીને એ સર્વે ગણધરોએ એક દ્વાદશાગી રચી તેમા સૌથી પ્રથમ ચૌદ પુવ્વ (પૂર્વ)ની એમણે યોજના કરી. એ ચૌદ પૂર્વના સમૂહને 'પૂવગત' કહે છે આગમપુરુષના મસ્તકે સ્થાન પામેલા-એના મસ્તકરૂપ ગણાતા બારમા અંગ નામે દિટ્ઠિવાય (દૃષ્ટિવાદ)ના સૂત્ર, પરિકર્મ, પૂવગત, અનુયોગ અને ચૂલિકા એમ જે પાચ વિભાગો ગણાવાય છે તેમા 'પૂર્વગત' મુખ્ય અને મહત્ત્વનુ સ્થાન ભોગવે છે

પિસ્તાલીસ આગમોના ૭ વર્ગ—સુધર્મસ્વામી એ મહાવીર સ્વામીના પાચમા ગણધર છે એમણે જે દ્વાદશાગી રચી તેનો બહુમા બહુ પહેલા અગિયાર અંગ પૂરતો જ ભાગ જળવાઈ રહ્યો છે એને અનુલક્ષીને કાલાતરે અન્ય આગમો રચાયા છે એ પૈકી આજે

૧ આ વિષે વિશેષ માહિતી માટે જુઓ આર્હત આગમોનુ અવલોકન (પૃ ૧૦ અને ૧૪-૧૬).



१. आवस्सय ३. दसवेयालिय **श्री आगमपुरुष** २. उत्तरज्झयण. ४. ओहनिज्जुत्ति

संयोजक आचार्यश्री विजयकस्तूरसूरि प्र० श्री देशाईपोळ जैन पेढी सुरत

પિસ્તાલીસ આગમો

પ્રકરણ ૧ પીઠિકા

ઉદ્ભવ—શ્રમણ ભગવાન મહાવીરસ્વામી ઈ સ પૂર્વે પપ૭મા સર્વજ્ઞ બન્યા બીજે દિવસે એમણે અગિયાર વેદમૂર્તિ બ્રાહ્મણોને દીક્ષા આપી. એમને 'ગણધર'ની માનવતી પદવીથી નવાજ્યા એ સમયે તીર્થ સ્થાપતી વેળા મહાવીરસ્વામીએ એ અગિયારે ગણધરોને જૈન દર્શનની મહામૂલી ચાવીરૂપ [1]ત્રિપદીનો બોધ કરાવતા કહ્યુ કે પ્રત્યેક પદાર્થ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને એ ધ્રુવ (સનાતન) પણ છે એ ગહન ભાવવાળી ત્રિપદીને લક્ષ્યમા રાખીને એ સર્વે ગણધરોએ એક દ્વાદશાગી રચી તેમા સૌથી પ્રથમ ચૌદ પુવ્વ (પૂર્વ)ની એમણે યોજના કરી એ ચૌદ પૂર્વના સમૂહને 'પૂર્વગત' કહે છે આગમપુરુષના મસ્તકે સ્થાન પામેલા-એના મસ્તકરૂપ ગણાતા બારમા અગ નામે દિટ્ઠિવાય (દૃષ્ટિવાદ)ના સૂત્ર, પરિકમ, પૂર્વગત, અનુયોગ અને ચૂલિકા એમ જે પાચ વિભાગો ગણાવાય છે તેમા 'પૂર્વગત' મુખ્ય અને મહત્ત્વનુ સ્થાન ભોગવે છે

પિસ્તાલીસ આગમોના છ વર્ગ—સુધર્મસ્વામી એ મહાવીરસ્વામીના પાચમા ગણધર છે એમણે જે દ્વાદશાગી રચી તેનો બહુમા બહુ પહેલા અગિયાર અગ પૂરતો જ ભાગ જળવાઈ રહ્યો છે એને અનુલક્ષીને કાલાતરે અન્ય આગમો રચાયા છે એ પૈકી આજે

[1] આ વિષે વિશેષ માહિતી માટે જુઓ આર્હત આગમોનુ અવલોકન (પૃ ૧૦ અને ૧૪-૧૬)

લગભગ પાચસો વર્ષોથી ૧૧ અગ, ૧૨ ઉપાગ, ૪ મૂલસૂત્ર, ૬ છેદસૂત્ર, ૧૦ પ્રકીર્ણક અને ૨ ચુલિકાસૂત્રને "પિસ્તાલીસ આગમ" તરીકે ઓળખાવાય છે અગ, ઉપાગ, મૂલ, છેદ, પ્રકીર્ણક અને ચૂલિમ એ આગમોના પડાયેલા છ વર્ગેના નામ છે

નામ—અગો અસલ તો બાર હતા, પરતુ આસરે ૫૬૦ને વર્ષથી બારમુ અગ નાશ પામ્યુ છે એટલે અત્યારે પહેલા અગિયાર અગો જ મળે છે અને એ પણ બધા પૂરા મળતા નથી એના નામ નીચે મુજબ છે —

(૧) આયાર (૨) સૂયગડ, (૩) ઠાણ, (૪) સમવાય, (૫) વિવાહપણ્ણત્તિ, (૬) નાયાધમ્મકહા, (૭) ઉવાસગદસા, (૮) અતગડદસા, (૯) અણુત્તરોવવાઇયદસા, (૧૦) પણ્હાવાગરણ અને (૧૧) વિવાગસુય.

ઉપાગો એ તે તે અગ સાથે એક યા બીજી રીતે સંકળાયેલા હોવાનું મનાય છે ઉપાગો એકદર બાર છે એના નામ નીચે પ્રમાણે છે —

(૧) ઓવવાઇય, (૨) રાયપસેણિય, (૩) જીવાભિગમ, (૪) પણ્ણવણા, (૫) સૂરપણ્ણત્તિ, (૬) ચદપણ્ણત્તિ, (૭) જબુદ્દીવપણ્ણત્તિ, (૮) નિરયાવલિયા, (૯) કપ્પવડિંસિયા, (૧૦) પુપ્ફિયા, (૧૧) પુપ્ફચૂલિયા અને (૧૨) વણ્હિદસા

મૂલસૂત્રો સાચી શ્રમણતાના પાયાને મજબૂત કરે છે એની સખ્યા ચારની ગણાય છે એમા આવસ્સય, ઉત્તરજ્ઝયણ, અને દસવેયાલિય એ ત્રણને તો સ્થાન અપાયુ જ છે, પરતુ ચોથા મૂલસૂત્ર તરીકે કેટલાક ઓહનિજ્જુત્તિનો તો કેટલાક પિડનિજ્જુત્તિનો નિર્દેશ કરે છે વળી કોઈ કોઈ તો [1]પક્ખિયસુત્તને પણ સ્વતત્ર 'મૂલસૂત્ર' ગણે છે તો કોઈ કોઈ એને આવસ્સયનુ પેટાસૂત્ર ગણે છે

[1] આના પરિચય માટે જુઓ આગમોનુ દિગ્દર્શન (પૃ ૧૭૦)

જૈન શાસન સ્યાદ્વાદ-મુદ્રાથી અંકિત છે એટલે એમા ઉત્સર્ગની સાથે [1]અપવાદને પણ પ્રસંગાનુસાર સ્થાન હોય એ સ્વાભાવિક છેદસૂત્રો એ એક અપવાદોનું અને પ્રાયશ્ચિતોનું નિરૂપણ પૂરુ છે એની સખ્યા છની દર્શાવાય છે એ દ્વારા નિસીહ, કપ્પ, હાર અને મહાનિસીહ એ પાચ છેદસૂત્રો ઉપરાત છઠ્ઠા તરીકે યકપ્પ અનુપલબ્ધ બનતા જીયકપ્પનો નિર્દેશ કરાય છે

મહાવીરસ્વામીના જીવનકાળ દરમ્યાન પ્રકીર્ણકો બહુ મોટી સંખ્યામા રચાર્યા હતાં આજે લગભગ ત્રીસ પ્રકીર્ણકો ઉપલબ્ધ પરતુ એમાથી નિમ્નલિખિત દસની જ પિસ્તાળીસ આગમોમા ગણના કરાય છે —

(૧) દેવિંદથય, (૨) તદુલવેયાલિય, (૩) ગણિવિજ્જા, (૪) આઉરપચ્ચક્ખાણ, (૫) મહાપચ્ચક્ખાણ, (૬) ગચ્છાચાર, (૭) ભત્ત-પરિણ્ણા, (૮) મરણસમાહિ, (૯) સથારગ અને (૧૦) ચઉસરણ

ચૂલિકાસૂત્ર બે છે (૧) નદી અને (૨) અણુઓગદાર

આમ એકદર જે ૧૧+૧૨+૬+૬+૧૦+૨=૪૭ આગમોના નામો રજૂ કર્યા છે તેનો આપણે આગળ ઉપર વિચાર કરીશુ

વિવરણોના વર્ગ—આગમોને અંગે પાઇય (પ્રાકૃત)મા તેમજ સંસ્કૃતમા જે જાતજાતના વિવરણો રચાયા છે તેના ચાર વર્ગ પાડાય છે –

(૧) નિજ્જુત્તિ (નિર્યુક્તિ), (૨) ભાસ (ભાષ્ય), (૩) ચુણ્ણિ (ચૂર્ણિ) અને (૪) ટીકા

આ ચારે વિસ્તારની દ્રષ્ટિએ એકેકથી ચઢિયાતા છે તેમા નિર્યુક્તિ એ સૌથી સંક્ષિપ્ત વિવરણ છે એને લક્ષ્યમા રાખીને ભાષ્ય રચાયું છે એ પ્રમાણે ચૂર્ણિ અને ટીકા માટે સમજી લેવુ

---

[1] આ તેમજ ઉત્સર્ગ માટે જુઓ આર્હત દર્શન દીપિકા (પૃ. ૮૧૫-

હિ સારૂપ ગમ, લૌકિક સગપણ, સુખ અને દુ ખ, સાચી શ્રદ્ધા પૂર્વકનુ સદ્વતન, યથાર્થ શ્રમણત્વ, ભાવના, મુક્તિનો માર્ગ તેમજ મહાવીરસ્વામીની ઘોર તપશ્ચર્યા અને એમની જીવનરેખા એમ વિવિધ બાબતો આ પ્રથમ અગમા આલેખાઈ છે

કર્તા—પ્રથમ શ્રુતસ્કધ ના કર્તા શતવર્ષી સુધર્મસ્વામી છે બાકીના અગોના કર્તા તરીકે પણ આ પાચમા ગણધરનો ઉલ્લેખ કરાય છે

ચૂલિકાઓનુ નિર્યૂહણ—પ્રથમ શ્રુતસ્કધના ૧, ૨ અને ૫-ન ક્રમાકવાળા અધ્યયનોને આધારે પહેલી ચાર ચૂલિકાઓને લગતી વિવિધ બાબતો રજૂ કરાઈ છે આની વિસ્તૃત માહિતી આગમોનુ દિગ્દર્શનના પૃ ૮૧મા અપાઈ છે

શૈલી—આ આગમનો મોટો ભાગ ગદ્યમા રચાયેલો છે બાકીના લગભગ ૧૫૦ પદ્યો છે 'ઉપધાનશ્રુત' નામનુ નવમુ અધ્યયન સર્વાશે પદ્યમા છે

પરિમાણ—આ આગમનુ પરિમાણ ૨૫૫૪ શ્લોક જેવડુ છે એમ મુદ્રિત કૃતિ જોતા જણાય છે

સ્થાન—આ આગમની આગમ-પુરુષના જમણા ચરણને સ્થાને યોજના કરાય છે આમ આ આગમ તે આગમ-પુરુષનુ જમણુ ચરણ છે

વિવરણ—સાધના માર્ગનુ વિશદ વર્ણન રજ કરનારા આ આગમ ઉપર શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીએ રચેલી મનાતી ૩૪૯ ગાથાની ૪૫૦ શ્લોક જેવડી નિર્યુક્તિ છે વળી એના ઉપર કોઈકની ૮૩૦ શ્લોક જેવડી ચૂર્ણિ છે વિશેષમા અગોના [1]આદ્ય સસ્કૃત ટીકાકાર

[1] મુનિવર્ય ગધહસ્તી એ આચાર ના પ્રથમ અધ્યયન નામે શસ્ત્રપરિજ્ઞા ઉપર અતિશય ગહન વિવરણ રચ્યુ છે એ સસ્કૃતમા હોય તો પણ આજ તો અપ્રાપ્ય છે

શીલાકસૂરિની ૧૨૦૦૦ શ્લોક જેવડી સસ્કૃતમા ટીકા છે એના રચના-સમય તરીકે ભિન્ન ભિન્ન ઉલ્લેખ જોવાય છે તેમાનો એક તે શકસવત્ ૭૯૮ એટલે કે વિ સ ૯૩૩ છે

(૨) સૂયગડ (સૂત્રકૃત)—

નામ—આ આગમના પણ આયારની જેમ વિવિધ નામો છે. જેમકે સુતગડ, અને સુત્તકડ

વિભાગ—આ આગમમા બે શ્રુતસ્કધ છે પહેલામા સોળ અને બીજામા સાત અધ્યયનો છે પ્રથમ શ્રુતસ્કધને 'ગાથાષોડશક' કહે છે બીજાનુ આવુ કોઈ વિશિષ્ટ નામ જણાતુ નથી

પદ્યાત્મક અશ—સૂયગડનો મોટો ભાગ પદ્યમા છે આ આગમમા ૮૨ ગદ્યાત્મક સૂત્રો છે અને ૭૩૨ પદ્યો છે પ્રથમ શ્રુતસ્કધના પહેલા પદરે અધ્યયનો અને બીજાના પાચમા અને છઠ્ઠા અધ્યયનો સર્વાશે પદ્યમા છે બીજુ અધ્યયન 'વૈતાલીય' છદમા છે અને આ અધ્યયનનુ નામ પણ આ છે પદરમુ અધ્યયન શૃખલાબદ્ધ યમકથી અલકૃત છે પ્રથમ શ્રુતસ્કધનુ સોળમુ અધ્યયન 'ગાથા' છદમા હોવાનો આ સૂયગડની નિર્યુક્તિમા ઉલ્લેખ છે, પરતુ એની મુદ્રિત આવૃત્તિઓમા તો એ ગદ્ય તરીકે જોવાય છે

વિષય—સ્વસમયના સિદ્ધાતોનુ સ્થાપન અને પરસમયના સિદ્ધાતોનુ નિરસન એ આ આગમનો મુખ્ય સૂર છે આને લઈને તો આપણને આમા જાતજાતના વાદોનુ નિરૂપણ જોવા મળે છે જેમકે [1]પચમહાભૂતિકવાદ [2]એકાત્મકવાદ, [3]તજ્જીવ-તચ્છરીરવાદ, [4]અકારકવાદ (સાખ્ય મત) [5]આત્મષષ્ઠવાદ, પચસ્કધવાદ (બૌદ્ધ

૧ પાચ મહાભૂતોથી જીવન ઉત્પત્તિ ૨ આત્માની સખ્યા એકની જ છે. ૩ જીવ તે જ શરીર છે ૪ કર્મનો કર્તા કે ભોક્તા નથી ૫ પચ મહાભૂતોથી પૃથક આત્માની સત્તા

મત), નિયતિવાદ, જગદુત્પત્તિવાદ, લોકવાદ, [1]ક્રિયાવાદ [2]અક્રિયાવાદ, [3]અજ્ઞાન, [4]વિનય અને હસ્તિતાપસવાદ

આ આગમમા નિમ્નલિખત બાબતોને સ્થાન અપાયુ છે —

કર્મનુ વિદારણ, અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો, કામિનીની આસક્તિથી કદર્થના, નારકોની વેદના, સાચા બ્રાહ્મણના ગુણો, મહાવીરસ્વામીની ઉત્કૃષ્ટતાના ઉદાહરણો પૂર્વકની હૃદયગમ સ્તુતિ, મુક્તિ માટેના કુશીલોના આચરણોની-અજ્ઞાનકષ્ટોની આલોચના, સાચી વીરતા, યથાર્થ ધર્મ, સમાધિ, મોક્ષનો માર્ગ, સાચા શ્રમણો, પરિગ્રહનો નાશ, શિષ્યોનો ધર્મ, વિભજ્યવાદ (અનેકાન્તવાદ)નો આશ્રય, સંયમ ધર્મનો સાર, પુંડરીકનુ અદ્ભુત રૂપક, તેર ક્રિયાસ્થાન, આહારની ગવેષણા, પ્રત્યાખ્યાનની આવશ્યકતા, સદાચારઘાતક મત વ્યોનુ નિરસન, આર્દ્રકુમારનો અધિકાર તેમજ ઇન્દ્રભૂતિ (ગૌતમ સ્વામી) અને પેઢાલ પુત્રનો વાદવિવાદ

પરિમાણ—આ આગમ ૨૧૦૦ શ્લોક જેવડો છે

સ્થાન—'દ્રવ્ય' અનુયોગને મુખ્યતયા પ્રતિપાદન કરનારો આ આગમ પુરુષનો ડાબો પગ છે

વિવરણ—આ આગમ ઉપર ૨૦૫ ગાથાની ૨૬૫ શ્લોક જેવડી નિર્યુક્તિ છે તેમજ કોઈકની ૯૯૦૦ શ્લોક જેવડી ચૂર્ણિ પણ છે વિશેષમા આચારના ટીકાકાર શીલાકસૂરિની વિદ્વત્તાભરી ૧૨૮૫૦ શ્લોકની વૃત્તિ છે આ વૃત્તિમા પાચ 'આ [illegible] ૫' વિ[illegible] રણા કરાઈ છે વળી આ વૃત્તિમા [illegible]
'કિરાટ' કહ્યા છે વિશેષમા આ વૃત્તિમા [illegible]

૧-૪ આના અનુક્રમે ૧૮[illegible] ૬૭

(૩) ઠાણ (સ્થાન)—

વિભાગ—આ આગમ દસ વિભાગમા વિભક્ત છે એ દરેકને 'સ્થાન' તેમ જ 'અધ્યયન' પણ કહે છે કેટલાક સ્થાનને ઓછાવત્તા ઉદ્દેશક છે અને પ્રત્યેક ઉદ્દેશકમા ઓછાવત્તા સૂત્રો છે આ આગમમા બધા મળીને ૭૮૩ સૂત્રો છે

વિષય—સંખ્યાની દૃષ્ટિએ પદાર્થોના વર્ગીકરણને લક્ષ્યમા રાખી આ આગમની તેમ જ સમવાયની રચના કરાઈ છે આ પદ્ધતિએ બૌદ્ધોના અંગુત્તરનિકાય (અંકોત્તરનિકાય) નામના ધાર્મિક ગ્રંથની યોજના કરાઈ છે મહાભારતના અષ્ટાવક્રે એકથી તેર સુધીની સંખ્યાવાળા પદાર્થો ગણાવ્યા છે

પ્રસ્તુત આગમમા સૌથી પ્રથમ એકની સંખ્યાવાળા પદાર્થોનો, ત્યાર બાદ બબ્બેની સંખ્યાવાળાનો અને એ રીતે છેવટે દસ દસની સંખ્યાવાળા પદાર્થોનો ઉલ્લેખ કરાયો છે દા ત સાત સાત પદાર્થો ગણાવતી વેળા સાત નયો, સંગીતના સાત સ્વરો અને એના સ્થાન, ગ્રામ અને મૂર્છના, સાત સમુદ્ઘાત અને સાત નિહ્નવોનો નિર્દેશ કરાયો છે એવી રીતે આઠ વિભક્તિઓનો અને મહાવીરસ્વામી પાસે દીક્ષા લેનારા આઠ રાજાનો ઉલ્લેખ છે વળી સત્યના, ગણિતના અને આશ્ચર્યના દસ દસ પ્રકારોને પણ આ આગમમા સ્થાન અપાયું છે પ્રસંગાવશાત્ 'વાસુદેવ' કૃષ્ણ ત્રીજે નરકે ગયાનો અને ૧૮ પાપસ્થાનકોનો તેમ જ ધ્યાનના ભેદ-પ્રભેદો વિષે આ આગમમા ઉલ્લેખ છે કેટલીક વાર આ આગમમા સુંદર દૃષ્ટાંતો જોવાય છે વિશેષમા આગમ, સૂત્ર, આજ્ઞા, ધારણા અને જીત એ પાંચનો સૂ ૪૪૧મા પ્રમાણ તરીકે નિર્દેશ છે

સંકલના-સમય—આ આગમમા ઈ સ ૫૭મા થયેલા સાતમા નિહ્નવનો ઉલ્લેખ છે, પરંતુ આઠમા નિહ્નવ તરીકે દિગંબરોનો

ઉલ્લેખ નથી એ ઉપરથી આ આગમની રચના-સંકલના મોડામાં મોડી ઈ સ ૮૦ કે ૮૩ની ગણાય

પરિમાણ—વિવિધ વ્યાવહારિક બાબતો ઉપર પણ પ્રકાશ પાડનારો આ આગમ મોટે ભાગે ગદ્યમા રચાયેલો છે અને ૩૭૦૦ શ્લોક જેવડો છે

સ્થાન—આ આગમ-આગમ પુરુષની જમણી જઘા (ઘૂંટીથી ઘૂંટણ સુધીનો ભાગ) છે

વિવરણ—આ આગમ ઉપર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ હોય એમ જાણવામા નથી આથી નવાગીવૃત્તિકાર અભયદેવસૂરિની ૧૪૨૫૦ શ્લોક જેવડી અને વિ સ ૧૧૨૦મા રચાયેલી વૃત્તિથી જ વિવરણના શ્રીગણેશ મડાયા એમ કહેવુ ઉચિત જણાય છે

યત્રો—વિ સં ૧૬૯૫મા વિદ્યમાન અને ૨૭ સૂત્રો (આગમ) ઉપર ગુજરાતીમા ટબ્બા-બાલાવબોધ રચનારા ધર્મસિંહે ઠાણ તેમજ વિવાહપણ્ણત્તિના યત્રો રચ્યા છે

(૪) સમવાય—

નામ અને વિભાગ—મોટે ભાગે ગદ્યા મક એવા આ આગમનુ આ નામ પાઇઅ તેમજ સસ્કૃતમા એકસરખુ છે આ આગમને 'સમાય' પણ કહે છે એમા અધ્યયન કે ઉદ્દેશક જેવા કોઈ વિભાગ નથી એમા ૧૬૦ સૂત્ર છે

વિષય—એકથી સો સુધીની સખ્યાવાળા પદાર્થોના નિરૂપણથી શરૂઆત કરી ૧૫૦, ૨૦૦ એમ ૫૦૦ સુધીની, પછી ૬૦૦, ૭૦૦ એમ ૧૧૦૦ સુધીની, ત્યાર બાદ ૨૦૦૦, ૩૦૦૦ એમ ૧૦૦૦૦ સુધીની, ત્યાર પછી એક લાખ, બે લાખ એમ દસ લાખ સુધીની અને પછી એક કરોડની અને આખરે એક કોટાકોટિ સાગરોપમની સખ્યાવાળા પદાર્થોનો અહીં ઉલ્લેખ છે આમ ૧૩૨ સૂત્રો સુધીની રચના છે

ત્યાર બાદ દ્વાદશાંગીનો પરિચય અપાયો છે વિશેષમાં કુલકરો અને ૬૩ શલાકાપુરુષો વિષે કેટલીક હકીકતો તેમજ ખગોળ સંબંધી કેટલાક છુટાછવાયા ઉલ્લેખો અહીં જોવાય છે

પરિમાણ—૧૬૬૭ શ્લોક જેવડો આ આગમ છે

સ્થાન—આ આગમને આગમપુરુષની ડાબી જંઘા તરીકે ઓળખાવાય છે

વિવરણ—આ આગમ ઉપર નવાંગી૦ અભયદેવસૂરિની વિ સં ૧૧૨૦માં રચાયેલી ૩૫૭૫ શ્લોકની વૃત્તિ છે બાકી આ આગમ ઉપર નિર્યુક્તિ ભાષ્ય કે ચૂર્ણિ નથી

(૫) વિવાહપણ્ણત્તિ (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)—

નામ—આ પાંચમા અંગના ઉપર્યુક્ત પાઇય નામના વિવિધ સંસ્કૃત સમીકરણો છે જેમકે વિવાહપ્રજ્ઞપ્તિ અને વિબાધપ્રજ્ઞપ્તિ. 'પણ્ણત્તિ' જેવા ટૂંકા નામે ઓળખાવાતા આ 'આગમનું 'ભગવતી સૂત્ર' એવું નામ વિશેષ પ્રચારમાં આવ્યું છે

વિભાગ—આ આગમના ૪૧ વિભાગો છે, એ દરેકને 'શતક' કહે છે એના પેટાવિભાગને 'ઉદ્દેશક' કહે છે એકંદર ૧૯૨૩ ઉદ્દેશક છે[1] આ અંગમાં ૧૦૦થી વધારે અધ્યયનો, ૧૦૦૦૦ ઉદ્દેશક, ૩૬૦૦૦ વ્યાકરણ (પ્રશ્નો) અને ૮૪૦૦૦ પદો હતાં પણ આજે તો આ તમામ બાબતો આ પ્રમાણની જોવાતી નથી

પ્રશ્નો—આ અંગમાં મુખ્ય પ્રશ્નકાર તો અગ્નિભૂતિ, વાયુભૂતિ, મંડિતપુત્ર, માકંદીપુત્ર, રોહ, જયંતી (શ્રાવિકા) અને કેટલીક અજૈન વ્યક્તિઓ છે માકંદીપુત્રના પ્રશ્નનો ઉત્તર ગોયમને સંબોધીને અપાયો છે, પણ પણ્ણવણામાંથી આ ઉત્તર ઉદ્ધૃત થવાથી આમ બન્યાનું આ આગમની ટીકામાં અભયદેવસૂરિ કહે છે

---

[1] શતક ૩૩-૪૦ના મુખ્ય ભાગોને 'અંતર-શતક' કહે છે અને એ અંતર-શતકના પેટાભાગોને 'ઉદ્દેશક' કહે છે

વિષય—નમસ્કારમંત્રના પાંચ પદોથી શરૂ થતા અને ત્યાર બાદ 'બ્રાહ્મી' લિપિને નમસ્કારપૂર્વક રચાયેલા આ આગમમાં વિષયોનું વૈવિધ્ય છે એમાં જીવાદિ છ પદાર્થો, કર્મ– સિદ્ધાંત વગેરેને લગતી જાતજાતની દાર્શનિક બાબતો ચર્ચાઈ છે. સપ્તભંગી અને સ્યાદ્વાદની મૌલિક વિચારણા કરાઈ છે ગાંગેયના ભાંગા જેવો ગણિતનો વિષય પણ આવેખાયો છે દેવો અને નારકોનું સ્વરૂપ વિચારાયું છે 'મહાશિલાકંટક' અને 'રથમુસલ' સંગ્રામને લગતી, વિજ્ઞાન ખગોળ અને ભૂગોળ સંબંધી તેમજ કુતૂહલજનક હકીકતો પણ જોવાય છે પાર્શ્વાપત્યો, અજ્ઞાન–તપસ્વી તામલિ તાપસ (ઉત્તરભવ ઈશાન ઈન્દ્ર) પરિવ્રાજક સ્કંદક, જમાલિ, ગોશાલક વગેરેના ચરિત્રો પણ અપાયાં છે ટૂંકમાં કહું તો જૈન ધર્મના અભ્યાસ માટેનું આ અજોડ પરંતુ ગહન સાધન છે એક રીતે આમાં ચારે અનુયોગને ઓછેવત્તે અંશે સ્થાન અપાયું છે જૈન જનતા આ આગમ પ્રત્યે અસાધારણ આદરભાવ સેવે તે સ્થાને છે

સંકલના—મુખ્યતયા ગદ્યમાં રચાયેલો આ આગમ મૂળ સ્વરૂપે આજે ઉપલબ્ધ નથી, કિન્તુ વીરસંવત્ ૯૮૦ કે ૯૯૩માં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના પ્રમુખપદે આગમોનું લિપિબદ્ધ કરવાનું જે મહાભારત કાર્ય–આગમોના પુસ્તકારોહણનું મહત્ત્વનું કાર્ય કરાયું તે વેળા વિવિધ આગમોની જે સંકલના કરાઈ તેને આ અનુરૂપ છે આથી તો આમાં કાલાન્તરે રચાયેલા આગમોની ભેળામણ કરાયેલી જોવાય છે

પરિમાણ—આ આગમનું પરિમાણ ૧૫૭૫૧ શ્લોક જેવડું છે

સ્થાન—આ આગમ આગમ–પુરુષની જમણી સાથળ (જાંઘ) ગણાય છે

વિવરણ—આ આગમ ઉપર ૩૧૧૪ શ્લોક જેવડી ચૂર્ણિ રચાયેલી છે, પણ એ હજી સુધી અપ્રસિદ્ધ રહેવા પામી છે નવાંગી૦ અભયદેવસૂરિએ વિ સં ૧૧૨૮માં આની ૧૮૬૧૬ શ્લોક જેવડી

મહાકાય વૃત્તિ રચી છે, વ્યાખ્યાવિશારદ મલયગિરિસૂરિએ પણ અમુક શતક ઉપર વૃત્તિ રચી છે, પણ એ ઉપલબ્ધ હોય તો પણ અપ્રકાશિત છે

(૬) નાયાધમ્મકહા (જ્ઞાતાધર્મકથા)—

વિભાગ—'ધર્મ(કથા)' નામના અનુયોગના નિરૂપણરૂપ અને મુખ્યતયા ગદ્યમા રચાયેલો આ આગમ બે શ્રુતસ્કંધમા વિભક્ત છે પહેલાનુ નામ 'નાય' (જ્ઞાત) અને બીજાનુ 'ધમ્મકહા' (ધર્મકથા) છે પહેલા શ્રુતસ્કધમા ૧૯ અધ્યયનો છે બીજાના પેટાવિભાગને 'વર્ગ' કહે છે અને એની સંખ્યા દસની છે દરેક 'વર્ગ'ને ઓછાવત્તા અધ્યયનો છે દસ વર્ગના અધ્યયનોની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે —

૫, ૫, ૫૪, ૫૪, ૩૨, ૩૨, ૪, ૪, ૮ અને ૮

આમ સમસ્ત વર્ગના અધ્યયનની સખ્યા એ દર ૨૧૬ છે. આ આગમમા બધા મળીને ૧૫૯ સૂત્રો છે

નામ—આ આગમના સસ્કૃતમા 'જ્ઞાતધર્મકથા' અને 'જ્ઞાતૃ-ધર્મકથા' એવાં પણ નામ છે વિશેષમા આ નામોના વિવિધ અર્થો કરાયા છે —

(૧) ઉદાહરણો દ્વારા જેમા ધર્મ કહેવાયો છે તે.

(૨) દૃષ્ટાત કે દાર્ષ્ટાન્તિકને જણાવે તે 'જ્ઞાત' અને અહિ સાદિક ધર્મની કથા તે 'ધર્મકથા' પ્રથમ શ્રુતસ્કધમા 'જ્ઞાત' અને બીજામા 'ધર્મકથા' છે

(૩) જ્ઞાતરૂપ મુખ્યતાવાળી ધર્મકથાઓ

(૪) ઉદાહરણોની મુખ્યતાવાળી ધર્મકથાઓ

(૫) જ્ઞાતપુત્રે એટલે કે મહાવીરસ્વામીએ કહેલી કથાઓ

સાડા ત્રણ કરોડ કથા—સમવાય અને નદીમા આ આગમનો પરિચય આપતા કહેવાયુ છે કે પ્રથમ શ્રુતસ્કધમા છે'લા નવે

અધ્યયનો પૈકી પ્રત્યેકમા ૫૪૦ આખ્યાયિકા છે, દરેક આખ્યાયિકામા ૫૦૦ ઉપાખ્યાયિકાઓ છે, અને પ્રત્યેક ઉપાખ્યાયિકામા ૫૦૦ આખ્યાયિકોપાખ્યાયિકાઓ છે આમ એકદર ૯×૫૪૦×૫૦૦×૫૦૦=૧,૨૧,૫૦,૦૦૦૦૦ (એક અબજ અને સાડી એકવીસ કરોડ) આખ્યાયિકોપાખ્યાયિકાઓ છે

બીજા શ્રુતસ્કંધના દસે વર્ગો પૈકી પ્રત્યેકમા ૫૦૦ આખ્યાયિકા, એકેક આખ્યાયિકામા ૫૦૦ ઉપાખ્યાયિકા અને એકેક ઉપાખ્યાયિકામા ૫૦૦ આખ્યાયિકોપાખ્યાયિકાઓ છે આમ આની સખ્યા એક અબજ ને પચ્ચીશ કરોડની થાય છે

પહેલા શ્રુતસ્કંધની આખ્યાયિકાદિના લક્ષણ સમાન હોવાથી એક અબજ અને સાડી એકવીસ કરોડની સખ્યા આ એક અબજ અને પચ્ચીસ કરોડમાથી બાદ કરતા સાડા ત્રણ કરોડ રહે છે આજે તો આટલી મોટી સખ્યામા કથાઓ આ આગમમા મળતી નથી.

વિષય—ટૂકી વાર્તાના ઉત્તમ નમૂનારૂપ આ આગમમા આજે જે કથાઓ મળે છે એમાથી કેટલીક ખરેખર બનેલી (ચરિત) છે તો કેટલીક ઉપજાવી કાઢેલી (કલ્પિત છે) એનો વિષય ઇન્દ્રિયોનો વિજય, સયમ, વૈરાગ્ય વગેરે છે પ્રથમ શ્રુતસ્કંધમા નિમ્નલિખિત વ્યક્તિઓનો જીવનવૃત્તાત ઓછેવત્તે અશે આલેખાયો છે —

મેઘકુમાર (એનો હાથી તરીકેનો પૂર્વ ભવ), ધન્ય શેઠ અને વિજય ચોર, સ્થાપત્યાપુત્ર (થાવચ્ચાપુત્ત), શૈલક રાજર્ષિ, દ્રૌપદી (પૂર્વ ભવ અને હરણ), સુસુમા, પુડરીક અને કડરીક, મલ્લિનાથ (૧૯મા તીર્થંકર), માકદીના બે પુત્રો, નદ મણિયાર (દેડકા તરીકેનો ભવ) અને પ્રધાન તેતલીપુત્ર

ઉપનયની દૃષ્ટિએ નીચે મુજબની કથાઓને અહીં સ્થાન અપાયુ છે —

મોરનાં ઈંડાં, બે કાચબા, તુંબડું, ડાગરના પાચ દાણા, ચન્દ્ર, 'દાવદ્રવ' નામનું વૃક્ષ, જળનું ઉદાહરણ, નદીફળ અને કુલીન ઘોડો

બીજા શ્રુતસ્કંધમા ચમર, સૂર્ય, ચન્દ્ર વગેરેની અગ્રમહિષીઓની—[1]૫૬ ઇન્દ્રોની ૨૦૬ પટ્ટરાણીઓના પૂર્વ ભવની હકીકત વર્ણવાઈ છે

પરિમાણ—આ આગમનું પરિમાણ ૫૯૫૦ શ્લોક જેવડું છે

સ્થાન—આ આગમને આગમ-પુરુષની ડાબી જાઘ તરીકે ઓળખાવાય છે

વિવરણ—આ આગમ ઉપર નવાંગી૦ અભયદેવસૂરિએ વિ. સ ૧૧૨૦મા ૩૮૦૦ શ્લોક જેવડી વિવૃતિ રચી છે

(૭) ઉવાસગદસા (ઉપાસકદશા)—

વિભાગ—'ધર્મ (કથા)' નામના અનુયોગથી વિભૂષિત આ આગમમાં દસ અધ્યયન છે એમા ૫૯ સૂત્રો છે

વિષય—મહાવીરસ્વામીના નિમ્નલિખિત દસ મહા શ્રાવકોના ગૃહસ્થાશ્રમની આછી રૂપરેખા આ આગમમા આલેખી સંયમ તરફનું એમનું વલણ દર્શાવાયું છે —

(૧) આનદ, (૨) કામદેવ, (૩) ચુલનીપિતા, (૪) સુરાદેવ, (૫) ક્ષુલ્લશતક, (૬) કુડકોલિક, (૭) કુભાર [2]સદ્દાલપુત્ર, (૮) મહાશતક, (૯) નન્દિનીપિતા અને (૧૦) શાલિહિપિતા

વિશેષમા પ્રસંગવશાત્ આ આગમમા શ્રાવકના બાર વ્રતો અને એ દરેકના અતિચારોનુ નિરૂપણ છે વળી અહીં પિશાચનુ તાદૃશ

૧ ભવનપતિના ૨૦ વ્યતરના ૧૬ વાન વતરના ૧૬, જ્યોતિષ્ક પૈકી સૂર્ય અને ચન્દ્ર અને વૈમાનિકમાંરી પહેલા બે કલ્પના બે એમ ૫૬ થાય છે

૨ 'સદ્દાલ' એ દેશિય (દેશ્ય) શબ્દનો અર્થ 'નૂપુર' થાય છે પણ અહીં એ પ્રસ્તુત હોય એમ જણાતો નથી

અને વિસ્તૃત વર્ણન અપાયું છે આ ઉપરાંત આજીવિક સંપ્રદાય, નિયતિવાદ અને ગોશાલકે મહાવીરસ્વામીને મહાબ્રાહ્મણ, મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથી અને મહાનિર્યામક તરીકે કરેલા નિર્દેશ વિષે કેટલીક બાબતો રજૂ કરાઈ છે

પરિમાણ—૮૧૨ શ્લોક જેવડો આ આગમ છે

સ્થાન—આગમ-પુરુષના નીચલા ગાત્રાર્ધ (નાભિ) તરીકે આ આગમનો નિર્દેશ કરાય છે

વિવરણ—આ આગમ ઉપર ૮૦૦ શ્લોક જેવડી નવાંગી અભયદેવસૂરિની નાનકડી વૃત્તિ છે

(૮) અંતગડદસા (અંતકૃદ્દશા)—

વિભાગ—મુખ્યતયા ગદ્યમા રચાયેલો આ આગમ આઠ વર્ગમા વિભક્ત છે એ દરેકના ઓછાવત્તા ઉદ્દેશક છે બધા મળીને ૯૨ ઉદ્દેશક છે અહીં ઉદ્દેશનો અર્થ 'અધ્યયન' કરવાનો છે સમવાય પ્રમાણે તો આ આગમમા સાત વર્ગ હતા વિશેષમા ઠાણ અને સમવાયના કથન મુજબ આમા દસ જ અધ્યયનો હતા વળી ઠાણમા જે દસ અધ્યયનના નામ છે એમાથી એકે નામ આ ૯૨ અધ્યયનોમાથી એકેના નામ તરીકે જણાતુ નથી, પરંતુ એમાનાં કેટલાક નામ તો નવમા અંગના અધ્યયનોના નામો તરીકે જોવાય છે આ ઉપરથી એમ લાગે છે કે આઠમુ અંગ મૂળ સ્વરૂપે જળવાઈ રહ્યુ નથી

આ આગમમા ૨૭ સૂત્રો છે

વિષય—સંસારનો અંત આણી જેઓ અંતસમયે કેવલજ્ઞાન પામી અંતર્મુહૂર્તમા મોક્ષે ગયા હોય તેમને 'અંતકૃત્ (કેવલી) કહે છે આવા કેટલાક મહાનુભાવોના ઉદાત્ત ચરિત્રો આ આગમમા આલેખાયા છે

'દ્વારવતી' (દ્વારકા)ના વર્ણનથી શરૂ થતા આ આગમમાં વાસુદેવ કૃષ્ણના પત્ની, પુત્ર વગેરેની નવ્યા દર્શાવાઈ છે વળી રાજા અન્ધકવૃષ્ણિની રાણી ધારિણીના પુત્રો બ્રહ્મચારી (બાવીસમા તીર્થંકર) નેમિનાથ પાસે દીક્ષા લઈ બાર ભિક્ષુપ્રતિમાનું પાલન કરી 'ગુણરત્નસંવત્સર' તપ કરી 'શત્રુંજય' ગિરિએ જઈ અનશન કરી મોક્ષે ગયા એ બાબત અહીં વર્ણવાઈ છે

નાગની પત્ની સુલસા તેમજ દેવકીના છ પુત્રો વિષે પણ આ પ્રકારનો ઉલ્લેખ છે

દસ યાદવકુમારો અંતકૃત્-કેવલી થયા તે વાત તેમજ કૃષ્ણની આઠ પટરાણીઓ અને એમના પુત્ર સાંબની બે પત્ની મોક્ષે ગયા એ વિષે અહીં માહિતી અપાઈ છે

આ ઉપરાંત 'દ્વારવતી'નો દ્વીપાયનને હાથે નાશ, અર્જુનમાલી અને મુદ્ગર યક્ષ, અતિમુક્ત મુનિ, અલક્ષ રાજાની દીક્ષા તેમજ શ્રેણિકની ૨૩ રાણીઓએ કરેલી તપશ્ચર્યા એ બાબતોને પણ અહીં સ્થાન અપાયું છે

પરિમાણ—લગભગ ૮૫૦ જેવડું આ આગમનું પરિમાણ છે

સ્થાન—આ આગમને પુરુષના દ્વિતીય ગાત્ર (વક્ષઃસ્થળ) તરીકે ઓળખાવાય છે

વિવરણ—આ આગમ ઉપર નવાંગી૦ અભયદેવસૂરિનું ૪૦૦ શ્લોક જેવડું લઘુ વિવરણ છે

(૯) અણુત્તરોવવાઇયદસા (અનુત્તરોપપાતિકદશા)—

વિભાગ—ગદ્યમાં રચાયેલા આ આગમ ત્રણ વર્ગમાં વિભક્ત છે એમાં અનુક્રમે દસ, તેર અને દસ એમ એકંદર ૩૩ અધ્યયન છે ઠાણ અને સમવાય પ્રમાણે તો આ આગમમાં દસ અધ્યયનો છે વળી ઠાણમાં દસ અધ્યયનના નામ અપાયા છે તેમાંના ત્રણ નામ ત્રીજા વર્ગના અધ્યયનના છે

વિષય—શ્રેણિક નરેશ્વરની ધારિણી રાણીના સાત પુત્રો, ચેલણા રાણીના બે પુત્રો અને નંદા રાણીના એક પુત્ર (અભયકુમાર) એમ આ દસ પુત્રોએ નિગ્રન્થશિરોમણિ મહાવીરસ્વામી પાસે દીક્ષા લઈ રૂડી રીતે એ પાળી કાળ કરી 'અનુત્તર' વિમાનમા ઉત્પન્ન થયા એ બાબત વર્ણવાઈ છે

વિશેષમા ધન્ય મુનિનો અધિકાર છે એમની તીવ્ર તપશ્ચર્યાની પ્રશસા ખુદ મહાવીરસ્વામીએ કરી હતી એમનુ શરીર તપશ્ચર્યાને લઈને તદ્દન હાડપિંજર જેવુ બની ગયું હતુ એનું અહીં આબેહૂબ વર્ણન કરાયુ છે

પરિમાણ—આ આગમનું પરિમાણ ૧૯૨ શ્લોક જેવડુ છે

સ્થાન—આ આગમને આગમપુરુષના જમણા બાહુ તરીકે ઓળખાવાય છે

વિવરણ—આ આગમ ઉપર ૧૦૦ શ્લોક જેવડી લઘુ વૃત્તિ નવાગી૦ અભયદેવસૂરિએ રચી છે

(૧૦) પણ્હાવાગરણ (પ્રશ્નવ્યાકરણ)—

વિભાગ—આ ગદ્યાત્મક દસમા અગના બે વિભાગો છે તે દરેકને 'દ્વાર' કહે છે પહેલાનુ નામ 'આશ્રવદ્વાર' અને બીજાનુ 'સવરદ્વાર' કહે છે આ દરેકમા પાચ પાચ અધ્યયન છે

વિષય—પ્રશ્ન અને તેનુ સ્પષ્ટીકરણ એમ આ આગમના નામનો શબ્દાર્થ છે નદી પ્રમાણે આ નામના આગમમા ૧૦૮ પ્રશ્નો, ૧૦૮ અપ્રશ્નો, ૧૦૮ પ્રશ્નાપ્રશ્નો, વિદ્યાતિશયો તેમજ નાગકુમારો અને અન્ય ભવનપતિઓ સાથે મુનિઓની વાતચીત એ બાબતોને સ્થાન છે આજે વિદ્યાઓ, મત્રો અને અતિશયોને લગતી હકીકત ઉપલબ્ધ આગમમા નથી

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ વિષે પ્રથમ દ્વારમાં અને પાંચ મહાવ્રતો વિષે દ્વિતીય દ્વારમાં નિરૂપણ છે તેમ કરતી વેળા હિંસાથી પરિગ્રહ સુધીના પાંચે આસ્રવોના ત્રીસ ત્રીસ નામો અને અહિંસાના સાઠ નામો રજૂ કરાયા છે વિશેષમાં પાંચે મહાવ્રતોની પાંચ પાંચ ભાવનાઓનો પણ વિચાર કરાયો છે

પરિમાણ—આ આગમ ૧૩૦૦ શ્લોક જેવડો છે

સ્થાન—આ આગમને આગમપુરુષના ડાબા બાહુ તરીકે ઓળખાવાય છે

વિવરણ—આ આગમ ઉપર નવાંગી૦ અભયદેવસૂરિએ ૫૩૩૦ શ્લોક જેવડી વિવૃતિ રચી છે

(૧૧) વિવાગસુય (વિપાકશ્રુત)—

વિભાગ—'ધમ્મ(કથા)' અનુયોગના નિરૂપણરૂપ આ ગદ્યાત્મક આગમમાં બે શ્રુતસ્કંધો છે પહેલાનું નામ 'દુઃખ-વિપાક' અને બીજાનું 'સુખ-વિપાક' છે આ પ્રત્યેક વિભાગમાં દસ દસ અધ્યયનો છે બીજો શ્રુતસ્કંધ પહેલાની અપેક્ષાએ વણો નાનો છે ઠાણમાં દસ અધ્યયનોમાં વિભક્ત જે કમ્મવિવાગદસાનો ઉલ્લેખ છે તે જ પ્રથમ શ્રુતસ્કંધ હોય એમ લાગે છે

વિષય—પ્રથમ શ્રુતસ્કંધમાં નિમ્નલિખિત દસ પાપીઓનો પૂર્વ ભવ આલેખાયો છે (પૂર્વ ભવનો નિર્દેશ કૌંસ દ્વારા હું કરું છું —

(૧) અપગતાનો અવતાર મૃગાપુત્ર (સૂબો), (૨) ઉજ્ઝિતક (જાનવર પકડનાર), (૩) ચોર અભગ્નસેન (ઇંડાનો વેપારી), (૪) શકટ (ભરવાડ), (૫) બહસ્પતિદત્ત (પુરોહિત), (૬) નંદિષેણ (ગુપ્તિપાલ), (૭) ઉંબરદત્ત (વૈદ્ય), (૮) માછી શૌરિકદત્ત (રસોઈઓ), (૯) રાણી દેવદત્તા (રાજા) અને (૧૦) રાણી અંજૂ (ગણિકા)

આ પૈકી કેટલીક વ્યક્તિ નારક પણ બની છે આમા પ્રસંગ વશાત્ ગણિકાનુ અને કારાગૃહનું સચોટ વર્ણન છે

બીજા શ્રુતસ્કંધમા રાજકુમાર સુબાહુ મહાવીરસ્વામીનો ઉપદેશ સાભળી બાર વ્રતો લે છે એ વાત તેમજ પૂર્વ ભવમા એણે સુદત્ત મુનિનો અન્નપાન વડે સત્કાર કર્યો હતો એ વાત રજૂ કરાઈ છે

ટૂકમા કહું તો અશુભ કર્મના કટુ વિપાકોને અને શુભ કર્મના સુખદ વિપાકોને લગતા રોમાચક દૃષ્ટાંતો અહીં અપાયા છે

પરિમાણ—આ આગમ ૧૨૫૦ શ્લોક જેવડો છે

સ્થાન—આ આગમને આગમ-પુરુષના કંઠ તરીકે ઓળખાવાય છે

વિવરણ—આ આગમ ઉપર નવાગી૦ અભયદેવસૂરિએ ૯૦૦ શ્લોક જેવડી વૃત્તિ રચી છે

૧૧ અંગોનુ પરિમાણ—

અગિયાર અંગોનો પરિચય આમ પૂરો થાય છે એટલે એ તમામ અંગોનુ પરિમાણ હુ અનુક્રમે નોધુ છુ—

૨૫૫૪, ૨૧૦૦, ૩૭૦૦, ૧૬૬૭, ૧૫૭૫૧, ૫૪૫૦, ૮૧૨, ૮૫૦, ૧૯૨, ૧૩૦૦ અને ૧૨૫૦ ≥

આમ ઉપલબ્ધ અગિયાર અંગોનુ એકદર પરિણામ ૩૫૬૨૬ × જેવડુ છે

પ્રકરણ ૩ બાર ઉપાંગો

ઉપક્રમ—સ્વપરપ્રકાશક શ્રુતજ્ઞાનના 'અંગપ્રવિષ્ટ' અને 'અંગબાહ્ય' એમ બે પ્રકારો પડાયા છે તેમાં અંગપ્રવિષ્ટથી બાર અંગો અભિપ્રેત છે એમાંના ૧૧ અંગો વિષે આપણે વિચાર કરી ગયા એટલે હવે બાકીના પ્રકરણોમાં 'અંગબાહ્ય' શ્રુત વિષે નિરૂપણ કરવાનું રહે છે એનો પ્રારંભ આ પ્રકરણથી કરાય છે

(૧) ઓવવાઇય (ઔપપાતિક)—

નામ—આયાર (શ્રુત૦ ૧, અ૦ ૧, ઉ૦ ૧)ગત 'ઉવવાઇય'ને લક્ષીને રચાયેલા મનાતા, આયારના ઉપાંગ તરીકે ઓળખાવતા અને ૧૨૦૦ શ્લોક જેવડા આ આગમના ઉવવાઇય અને ઓવાઇય એમ નામાંતરો છે

વિભાગ—આ આગમમાં ૪૩ સૂત્રો અને ત્યાર બાદ ૨૨ પદ્યો છે એ પદ્યો માટે [1]સૂચાંક નથી સૂ ૧-૩૭ એટલા વિભાગને પૂર્વાર્ધ અને બાકીનાને ઉત્તરાર્ધ ગણવામાં આવે છે પૂર્વાર્ધને 'સમોસરણ' કહેવામાં આવે છે, અને એના લગભગ છેવટના ભાગમાં છ પદ્યો છે એ તેમજ ઉપર્યુક્ત ૨૨ પદ્યો બાદ કરતાં આ આગમ ગદ્યમાં છે

વિષય—દેવ અને નારક વગેરેના જન્મને 'ઉપપાત' કહે છે એ ઉપપાત અને મોક્ષગમન એ આગમનો મુખ્ય વિષય છે 'ચંપા' નગરી, 'પૂર્ણભદ્ર' ચૈત્ય, 'અશોક' વૃક્ષ, ભંભસાર (બિંબિસાર)

---

1 આહત મત પ્રભાકર ના માનમા મયૂખ તરીકે પ્રકાશિત આવૃત્તિમાં સૂત્ર નામના વિભાગો અન્ય રીતે જોવાય છે એમાં સૂત્રની સંખ્યા ૧૮૯ની અપાઇ છે સમોસરણમાં સૂ ૧-૬૧ છે જ્યારે ૨૨ પદ્યોનો, સૂ ૧૬૮–તરીકે નિર્દેશ છે

આ પૈકી કેટલીક વ્યક્તિ નારક પણ બની છે આમા પ્રસગ-વશાત્ ગણિકાનુ અને કારાગૃહનુ સચોટ વર્ણન છે

બીજા શ્રુતસ્કધમા રાજકુમાર સુબાહુ મહાવીરસ્વામીનો ઉપદેશ સાભળી બાર વ્રતો લે છે એ વાત તેમજ પૂર્વ ભવમા એણે સુદત્ત મુનિનો અન્નપાન વડે સત્કાર કર્યો હતો એ વાત રજૂ કરાઈ છે

ટૂકમા કહુ તો અશુભ કર્મના કટુ વિપાકોને અને શુભ કર્મના સુખદ વિપાકોને લગતા રોમાચક દૃષ્ટાતો અહીં અપાયા છે

પરિમાણ—આ આગમ ૧૨૫૦ શ્લોક જેવડો છે

સ્થાન—આ આગમને આગમ-પુરુષના ૦૦ તરીકે ઓળખાવાય છે

વિવરણ—આ આગમ ઉપર નવાગીο અભયદેવસૂરિએ ૯૦૦ શ્લોક જેવડી વૃત્તિ રચી છે

૧૧ અગોનુ પરિમાણ—

અગિયાર અગોનો પરિચય આમ પૂરો થાય છે એટલે એ તમામ અગોનુ પરિમાણ હુ અનુક્રમે નોધુ છુ—

૭૫૫૦, ૨૧૦૦, ૩૭૦૦, ૧૬૬૭, ૧૫૭૫૧, ૫૮૫૦, ૮૧૨, ૮૫૦, ૧૯૨, ૧૩૦૦ અને ૧૨૫૦ ?

આમ ઉપલબ્ધ અગિયાર અગોનુ એકદર પરિણામ ૩૫૯૨૬ શ્લોક જેવડુ છે

☆

પ્રકરણ ૩ બાર ઉપાંગો

ઉપક્રમ—અત્યાર સુધી શ્રુતજ્ઞાનના 'અંગપ્રવિષ્ટ' અને અંગબાહ્ય' એમ બે પ્રકારો પડાયા છે તેમા અંગપ્રવિષ્ટથી બાર અંગો અભિપ્રેત છે એમાના ૧૧ અંગો વિષે ટૂંકાણમાં વિચાર કરી ગયા એટલે હવે બાકીના પ્રકરણોમા 'અંગબાહ્ય' શ્રુત વિષે નિરૂપણ કરવાનું રહે છે એનો પ્રારંભ આ પ્રકરણથી કરાય છે

(૧) ઓવવાઇય (ઔપપાતિક)—

નામ—આયાર (શ્રુત૦ ૧, અ૦ ૧, ઉ૦ ૧)ગત 'ઉવવાઈય'ને લક્ષીને રચાયેલા મનાતા, આયારના ઉપાંગ તરીકે ઓળખાવતા અને ૧૬૦૦ શ્લોક જેવડા આ આગમના ઉવવાઇય અને ઓવાઇય એમ નામાતરો છે

વિભાગ—આ આગમમા ૪૩ સૂત્રો અને ત્યાર બાદ ૨૨ પદ્યો છે એ પદ્યો માટે [1]સૂત્ર નથી સૂ ૧-૩૭ જેટલા વિભાગને પૂર્વાર્ધ અને બાકીનાને ઉત્તરાર્ધ ગણવામા આવે છે પૂર્વાર્ધને 'સમોસરણ' કહેવામા આવે છે, અને એના લગભગ છેવટના ભાગમા છ પદ્યો છે એ તેમજ ઉપર્યુક્ત ૨૨ પદ્યોને બાદ કરતા આ આગમ ગદ્યમા છે

વિષય—દેવ અને નારક તરીકેના જન્મને 'ઉપપાત' કહે છે એ ઉપપાત અને મોક્ષગમન એ આગમનો મુખ્ય વિષય છે 'ચંપા' નગરી, 'પૂર્ણભદ્ર' ચૈત્ય, 'અશોક' વૃક્ષ, ભંભસાર (બિંબિસાર)

૧ આર્હત મત પ્રભાકર ના સાતમા મયૂખ તરીકે પ્રકાશિત આવૃત્તિમા 'સૂત્ર' નામના વિભાગો અન્ય રીતે જોવાય છે એમા સૂત્રની સંખ્યા ૧૮૯ની અપાઇ છે સમોસરણમા સૂ ૧-૬૧ છે, જ્યારે ૨૨ પદ્યો, સૂ ૧૬૮-૧૮૯ તરીકે નિર્દેશ છે

પ્રદેશી રાજા અને કેશી ગણધરનો પ્રસંગ બૌદ્ધોના પાયાસિ સુત્ત સાથે વિલક્ષણ સમાનતા ધરાવે છે

જાતજાતના ઉત્સવો, ચાતુર્યામ ધર્મ, ચાર પ્રકારની પર્ષદ અને ચાર પ્રકારના વ્યવહાર વગેરે બાબતો પણ આ આગમમાં આલેખાઇ છે

કળાઓની સામગ્રી—

સૂર્યાભ દેવના વિમાનનું એટલું બધું ઝીણવટભર્યું વર્ણન કરાયું છે કે એ ઉપરથી સમર્થ શિલ્પશાસ્ત્રી નવ્ય અને ભવ્ય મહાલયનું નિર્માણ કરી શકે તેમજ આપણને શિલ્પશાસ્ત્રને લગતા અનેક પારિભાષિક શબ્દો જાણવા મળે આ તો શિલ્પકળાની વાત થઈ વાદનવિદ્યા, સંગીતશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર અને નૃત્યકળાના અભ્યાસીને પણ મનન કરવા લાયક વિવિધ માહિતી આ આગમમાં અપાઈ છે

વિવરણ—આ આગમ ઉપર વ્યાખ્યાવિશારદ અને વિ. સં ૧૨૦૦ની આસપાસમાં વિદ્યમાન મલયગિરિસૂરિની ૩૭૦૦ શ્લોક જેવડી વૃત્તિ છે

(૩) જીવાભિગમ—

નામ—ઠાણના ઉપાંગ તરીકે ઓળખાવાતા અને ૪૭૦૦ શ્લોક જેવડા આ આગમનું નામ સમવાયની જેમ સમસંસ્કૃતમાં છે 'જીવાજીવાભિગમ' એવું આનું અન્ય નામ પણ આ પ્રકારનું છે

વિભાગ—પહેલા આઠ સૂત્રો જેટલા ભાગને બાજુએ ગણતા આગમના નવ વિભાગો પડે છે એ દરેકને 'પ્રતિપત્તિ' કહે છે પ્રતિપત્તિના બે ઉદ્દેશક છે આ આગમમાં બધા મળીને ૨ સૂત્ર છે

વિષય—'દ્રવ્ય' અનુયોગથી પલ્લવિત અને સુખ્યનયા ગદ્યમાં રચાયેલા આ આગમમાં, મુખ્યમાં જીવ અને અજીવનો જે અધિકાર છે તેનો અહીં વિસ્તારથી 'પ્રશ્નોત્તર' શૈલીએ વિચાર કરાયો છે તેમાં પણ જીવનું નિરૂપણ તો અજીવ કરતા યે ઘણું વિસ્તૃત છે શરૂઆતમાં સૂત્રોમાં અજીવના પ્રકારો અને ઉપપ્રકારો વિષે માહિતી અપાઈ છે ત્યાર બાદ પ્રથમ પ્રતિપત્તિમાં જીવના બે પ્રકારો, બીજીમાં ત્રણ એમ નવમીમાં દસ પ્રકારો દર્શાવાયા છે ત્રીજી પ્રતિપત્તિમાં દ્વીપો અને સમુદ્રો વિષે હકીકત છે

'જબૂદ્વીપની જગતીના પૂર્વ દ્વારના અધિપતિ વિજય દેવના અધિકારને તેમજ દેવનિકાયના વિસ્તૃત વર્ણનને આ આગમમાં સ્થાન અપાયું છે વિશેષમાં આ આગમમાં ભગ્તી અને ઓટના કારણ દર્શાવાયા છે

વિવરણ—આ આગમ ઉપર ૧૫૦૦ શ્લોક જેવડી કોઈકની ચૂર્ણિ છે અને આના ઉપર અનેક ગ્રંથોના પ્રણેતા હરિભદ્રસૂરિની 'પ્રદેશટીકા' નામની અને ૧૧૯૨ શ્લોક જેવડી વૃત્તિ છે પણ એ બંને અનુદ્રિત છે, જ્યારે રાયપસેણિયના વૃત્તિકાર મલયગિરિસૂરિની ૧૪૦૦૦ શ્લોક જેવડી મોટી વૃત્તિ તો છપાયેલી છે

(૪) પણ્ણવણા (પ્રજ્ઞાપના)—

વિભાગ—સમવાયના ઉપાંગ તરીકે ઓળખાવાતો, 'દ્રવ્ય' અનુયોગથી ઓતપ્રોત અને ૭૭૮૭ શ્લોક જેવડો આ આગમ છત્રીસ વિભાગોમાં વિભક્ત છે એ દરેકને 'પદ' કહે છે કેટલાક પદને ઉદ્દેશકરૂપ પેટાવિભાગ છે આ આગમમાં એકંદર ૩૪૯ સૂત્રો છે

વિષય—મંગલાચરણના પાચમા પદ્યમાં આ ઉપાંગને 'અધ્યયન' કહી એનો ચિત્ર, શ્રુતરત્ન અને દૃષ્ટિવાદના સારરૂપે નિર્દેશ કરાયો છે જેમ અગોમાં વિવાહપણ્ણત્તિ સૌથી મોટુ અંગ છે તેમ સમસ્ત ઉપાંગોમાં આ સૌથી મોટું છે વળી આ ઉપાંગ એ અંગની

વિભાગ—નંદીમાં ઉત્કાલિક અને પક્ખિયસુત્તમાં કાલિક તરીકે નિર્દેશાયેલો આ આગમ વીસ વિભાગમાં વિભક્ત છે એ દરેકને 'પ્રાભૃત' કહે છે કે જે પૂર્વના વિભાગોનું પણ નામ છે આ આગમના કેટલાક પ્રાભૃતોના પેટાવિભાગો છે અને તેને 'પ્રાભૃત પ્રાભૃત' કહે છે વળી કેટલાક પ્રાભૃતપ્રાભૃતના 'પ્રતિપત્તિ' નામે ઓળખાતા નાના નાના ભાગો પણ છે આ આગમમાં ૧૦૮ સૂત્રો છે

વિષય—આ આગમ 'ગણિત' અનુયોગના નિરૂપણરૂપ છે એ જૈનોનું ખગોળશાસ્ત્ર છે એમાં સૂર્ય વિષે અનેક બાબતો વિચારાઈ છે દા ત સૂર્યની ગતિ, એના પ્રકાશની વ્યવસ્થા, સૂર્યાવારક (સૂર્યની લેશ્યાથી સંસૃષ્ટ બનતા પુદ્ગલો), સૂર્યની સંખ્યા,[1] સૂર્યની ઊંચાઈ, ચન્દ્રને અંગે એની વૃદ્ધિ અને હાનિ, ચન્દ્રની ઊંચાઈ, ચન્દ્રનો નક્ષત્ર સાથેનો સંબંધ, જ્યોત્સ્નાનું લક્ષણ અને એનું પ્રમાણ, ચન્દ્રાદિની પરિમાણ-સંખ્યા અને એનો અનુભાવ

આ ઉપરાંત ૮૮ ગ્રહોનાં નામ, 'જંબૂદ્વીપ'માંના નક્ષત્ર, ગ્રહ અને તારાની સંખ્યા, 'પૌરુષી' છાયાનું માપ, સંવત્સરોના પ્રારંભ અને અંત, તેમજ ગ્રહ, નક્ષત્ર અને તારાની શીઘ્ર ગતિ એ બાબતોને પણ સ્થાન અપાયું છે

વિવરણ—'નેપાળ'થી જે બૌદ્ધ ગ્રંથો હિન્દુસ્તાનમાં આવ્યા તેની સાથે જૈનોનો તો સૂર્યપણ્ણત્તિ નામનો આ એકજ ગ્રંથ આવ્યો હતો આ આગમ ઉપર ભદ્રબાહુ સ્વામીની નિર્યુક્તિ હતી પણ તે હજી સુધી તો મળી આવી નથી એટલે અત્યારે તો વિવિધ ઉપાંગોના વૃત્તિકાર મલયગિરિસૂરિકૃત ૯૫૦૦ શ્લોક જેવડી વૃત્તિથી ચલાવી લેવાનું રહે છે એ વૃત્તિ (પત્ર ૨ આ)માં મહાવીર સ્વામીના અંગોપાંગોનું વર્ણન છે

---

૧ અજૈન મતો પ્રમાણેની વિવિધ સંખ્યાનો અહીં નિર્દેશ છે

જેમ 'પ્રશ્નોત્તર' શૈલીમાં રચાયું છે અને એની જેમ જૈન દર્શનની વિવિધ બાબતોની ચર્ચા કરે છે. આ જૂના જમાનાની શૈલી આધુનિક પદ્ધતિએ લખાતા મહાનિબંધનું સ્મરણ કરાવે છે. આ આગમમાં કર્મસિદ્ધાંતને અંગે ઘણું છે. વિશેષમાં પ્રવર્તના, ભાષા, શરીર, ઇન્દ્રિય, અવગાહના, કાય, સંયમ, મન, સમુદ્ઘાત ઇત્યાદિ સંબંધી વિસ્તૃત માહિતી આ આગમમાં અપાઈ છે. આગમ આ જીવ અને પુદ્ગલનું વિસ્તૃત નિરૂપણ પૂરું પાડે છે. ભૂગોળ અને નૃવંશવિદ્યાના અભ્યાસ માટે પણ આ આગમ ઉપયોગી છે.

પ્રણેતા—આ આગમના પ્રણેતા પૂર્વશ્રુત વડે સમૃદ્ધ બુદ્ધિવાળા આર્યશ્યામ છે. એઓ 'વાચક' વંશમાં સુધર્મસ્વામીથી ત્રેવીસમા ગણાય છે. આ આચાર્યનો જન્મ વીરસંવત્ ૨૮૦માં, એમની દીક્ષા ૩૦૦માં, એમનું 'યુગપ્રધાન'પદ ૩૩૫માં અને એમનો સ્વર્ગવાસ ૩૭૬માં થયાં હતાં. કેટલાક આ આર્યશ્યામને કાલકસૂરિ કહે છે અને તેઓ એ હિસાબે એમને પ્રભાવકચરિત (શૃંગ ૪, શ્લો. ૧૩)માં નિર્દેશાયેલા યુગપ્રધાન ગુણાકરસૂરિના શિષ્ય ગણે છે.

વિવરણ—જૈન દર્શનના વિશિષ્ટ વિશ્વકોશરૂપ આ આગમ ઉપર સમભાવભાવી હરિભદ્રસૂરિએ 'પ્રદેશ વ્યાખ્યા' નામની અને ૩૭૨૮ શ્લોક જેવડી વૃત્તિ રચી છે. આ પૂર્વેના બે ઉપાંગના વૃત્તિકાર મલયગિરિસૂરિએ ૧૬૦૦૦ શ્લોક જેવડું વિવરણ રચ્યું છે. એમાં એમણે [illegible] ઉપર પોતે વૃત્તિ રચ્યાનું કહ્યું છે.

(૫) સૂરપણ્ણત્તિ (સૂર્યપ્રજ્ઞપ્તિ)—

નામ—વિવાહપણ્ણત્તિના ઉપાંગ તરીકે ઓળખાતા અને ૨૨૯૬ શ્લોક જેવડા આ આગમને 'સૂરિયપણ્ણત્તિ' પણ કહે છે.

---

૧ આને માટે મૂળમાં 'પાસણયા' શબ્દ વપરાયો છે. આ ત્રીસમા પદનું નામ છે. આની સમજણ માટે જુઓ આર્હત દર્શન દીપિકા (પૃ. ૫૮–૫૯).

વિભાગ—નંદીમાં ઉત્કાલિક અને પક્ખિયસુત્તમાં કાલિક તરીકે નિર્દેશાયેલો આ આગમ વીસ વિભાગમાં વિભક્ત છે એ દરેકને 'પ્રાભૃત' કહે છે કે જે પૂર્વના વિભાગોનું પણ નામ છે આ આગમના કેટલાક પ્રાભૃતોના પેટાવિભાગો છે અને તેને 'પ્રાભૃત પ્રાભૃત' કહે છે વળી કેટલાક પ્રાભૃતપ્રાભૃતના 'પ્રતિપત્તિ' નામે સંબોધાતા નાના નાના ભાગો પણ છે આ આગમમાં ૧૦૮ સૂત્રો છે

વિષય—આ આગમ 'ગણિત' અનુયોગના નિરૂપણરૂપ છે એ જૈનોનું ખગોળશાસ્ત્ર છે એમાં સૂર્ય વિષે અનેક બાબતો વિચારાઇ છે દા ત સૂર્યની ગતિ, એના પ્રકાશની વ્યવસ્થા, સૂર્યાવારક (સૂર્યની લેશ્યાથી સંસ્પૃષ્ટ બનતા પુદ્ગલો), સૂર્યની સંખ્યા,[1] સૂર્યની ઊંચાઈ, ચંદ્રને અંગે એની વૃદ્ધિ અને હાનિ, ચંદ્રની ઊંચાઈ, ચંદ્રનો નક્ષત્ર સાથેનો સંબંધ, જ્યોત્સ્નાનું લક્ષણ અને એનું પ્રમાણ, ચંદ્રાદિની પરિમાણ-સંખ્યા અને એનો અનુભાવ

આ ઉપરાંત ૮૮ ગ્રહોનાં નામ, 'જંબૂ'દ્વીપમાંના નક્ષત્ર, ગ્રહ અને તારાની સંખ્યા, 'પૌરુષી' છાયાનું માપ, સંવત્સરોના પ્રારંભ અને અંત, તેમજ ગ્રહ, નક્ષત્ર અને તારાની શીઘ્ર ગતિ એ બાબતોને પણ સ્થાન અપાયું છે

વિવરણ—'નેપાળ'થી જે બૌદ્ધ ગ્રંથો હિંદુસ્તાનમાં આવ્યા તેની સાથે જૈનોનો તો સૂરપણ્ણત્તિ નામનો મા એકજ ગ્રંથ આવ્યો હતો આ આગમ ઉપર ભદ્રબાહુસ્વામીની નિર્યુક્તિ હતી પણ તે હજી સુધી તો મળી આવી નથી એટલે અત્યારે તો વિવિધ ઉપાંગોના વૃત્તિકાર મલયગિરિસૂરિકૃત ૯૫૦૦ શ્લોક જેવડી વૃત્તિથી ચલાવી લેવાય છે એ વૃત્તિ (પત્ર ૨ આ)માં મહાવીર સ્વામીના અંગોપાંગોનું વર્ણન છે

1 અજૈન મતવ્યો પ્રમાણેની વિવિધ સંખ્યાનો અહીં નિર્દેશ છે

(૬) જંબુદ્દીવપણ્ણત્તિ (જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ)—

વિભાગ—નાયાધમ્મકહાના અને મતાન્તર પ્રમાણે ઉવાસ૦ દસાના ઉપાંગ તરીકે ઓળખાવાતા તેમજ ૪૧૪૬ શ્લોક જેવડા આ આગમના સાત વિભાગ કરાયા છે એ દરેકને 'વક્ષસ્કાર' કહે છે બધા મળીને ૧૭૮ અંગો છે

વિષય—આ આગમમાં જંબૂદ્વીપ વિષે જાતજાતની માહિતી અપાઈ છે એમાં ભરત, અરાવત વગેરે ક્ષેત્રો વિષે વિચાર કરાયા છે આમ આ જૈન ભૂગોળનો ગ્રંથ છે એમાં પ્રસંગવશાત્ નાભેય ઋષભદેવ અને ચક્રવર્તી ભરતના ચરિત્ર આલેખાયા છે વિશેષમાં કાલચક્રના ઉત્સર્પિણી અને અવસર્પિણી એવા બે વિભાગના છ છ આરા, નવ નિધિ, તીર્થંકરનો જન્માભિષેક, પંદર કુલકર અને જ્યોતિષ્કો તેમજ જંબૂદ્વીપમાના કેટલાક પદાર્થો વિષે પણ અહીં વિચાર કરાયો છે

વિવરણ—આ આગમ ઉપર ચૂર્ણિ છે એમ મનાય છે, પણ એ વાત ચિન્ત્ય છે આ આગમ ઉપર બીજા ઉપાંગોના વૃત્તિકાર મલયગિરિસૂરિએ વૃત્તિ રચી હતી, પણ હજી સુધી તો એ અપ્રાપ્ય છે બાકી પ્રમેયરત્નમંજૂષા નામની ૧૮૦૦૦ શ્લોક જેવડી વૃત્તિ જે ઉપાધ્યાય શાંતિચન્દ્રગણિએ વિ સં ૧૬૬૦માં રચી તે તો મળે છે એ પ્રકાશિત પણ છે

(૭) ચંદપણ્ણત્તિ (ચન્દ્રપ્રજ્ઞપ્તિ)—

વિષય—ઉવાસગદસાના ઉપાંગ તરીકે ઓળખાવાતા અને ૨૨૦૦ શ્લોક જેવડા આ આગમનો વિષય પણ ખગોળ છે આને લગભગ સાતસો વર્ષથી તો આ આગમ સૂરપણ્ણત્તિ સાથે ખૂબ જ મળતું આવે છે એમ મનાતું આવ્યું છે, પરંતુ ક્રમ અને નદીમાં

૧ જુઓ વિધિપ્રપા (પૃ ૫૭) અને પૂર્વાચાર્યકૃત યોગવિધિ

એનો સૂરપણ્ણત્તિથી સ્વતંત્ર ઉલ્લેખ છે એટલે આ બાબત ચિન્ત્ય ગણાય

વર્તમાન કાળમાં જબૂદ્વીપમાં જે ચન્દ્ર છે તેને અંગે એમ કહેવાય છે કે પૂર્વ ભવમાં એનો જન્મ જૈન કુળમાં થયો ન હતો એટલે ઉગ્ર તપનું યથેષ્ટ ફળ મળ્યું નહિ જૈન કુળની મહત્તા—મહાશ્રાવક તરીકેની કરણી ઉવાસગદસામાં વર્ણવાઈ છે આથી ચંદપણ્ણત્તિ એનું ઉપાંગ ગણાય એમ કલ્પના કરાય છે

વિવરણ—આ આગમ ઉપર ૯૫૦૦ શ્લોક જેવડી વૃત્તિ વિવિધ ઉપાંગોના વૃત્તિકાર મલયગિરિસૂરિએ રચી છે

(૮) નિરયાવલિયા (નિરયાવલિકા)—

'નિરય' એટલે નરકનો જીવ અર્થાત્ 'નારક' અને 'આવલિ' એટલે 'શ્રેણિ' નારકોની શ્રેણિના વર્ણનરૂપ ગ્રંથને નિરયાવલિયા સુયક્ખંધ' (સં નિરયાવલિકાશ્રુતસ્કંધ) કહે છે એનું પરિમાણ ૧૧૦૦ શ્લોક જેવડું છે એના નીચે મુજબ પાંચ વર્ગ ગણાવાય છે

(૧) નિરયાવલિયા, (૨) કપ્પવડિંસિયા, (૩) પુપ્ફિયા, (૪) પુપ્ફચૂલિયા અને (૫) વહ્નિદસા

નામ—અંતગડદસાના ઉપાંગ તરીકે નિર્દેશાતા નિરયાવલિયા નામના આ આગમને 'કપ્પિયા' (સં કલ્પિકા) પણ કહે છે

વિભાગ—આ આગમમાં દસ અધ્યયનો છે

વિષય—મગધના નરેશ્વર શ્રેણિકને કાલી, સુકાલી વગેરે નામની પત્નીઓ હતી કાલીના પુત્ર કાલ, સુકાલીના સુકાલ એમ દસે પત્નીનો એકેક પુત્ર કૂણિકના પક્ષમાં રહી 'રથમુસલ' યુદ્ધમાં મહાવીરસ્વામીના મામા અને ચેલ્લણા (શ્રેણિકની પત્ની)ના પિતા ચેટકની સાથે લડાઈમાં ઊતર્યો કાલે 'ગરુડ' વ્યૂહ રચી આ યુદ્ધમાં ભાગ લીધો ચેટકે એને એક જ બાણથી હણી નાખ્યો એ મરીને

ચોથી 'પંકપ્રભા' નામની પૃથ્વીમાં આવેલા 'હિમાલ' નરકમ ઉત્પન્ન થયો

'રથમુસલ' યુદ્ધમાં મુકાલ વગેરે નવનું મરણ થયું . ગયા પણ નરકે ગયા

કાલની અવમ દશા કેવી આરંભ-સમારંભને લીધે થઈ એ આર્ય ગણધર ઇન્દ્રભૂતિએ નિગ્રન્થનાથ મહાવીર સ્વામીને પૂ એ ઉપરથી એમણે ચમ્પાના દોહનથી માંડીને 'રથમુસલ' યુ સુધીની કૂણિકને લગતી બધી બાબતો કહી સંભળાવી આમ ઉપાંગમાં કણિકનો જીવનવૃત્તાંત વિસ્તારથી રજૂ કરાયો છે

વિવરણ—મુખ્યતયા ગદ્યમાં રચાયેલા આ ઉપાંગ ઉ તેમજ એના પછીના ચારે ઉપાંગો ઉપર પણ શ્રીચન્દ્રસૂરિ વિ સં ૧૨૨૮માં રચેલી ટીકા છે એ પાંચે ઉપાંગોની ટીકા પરિમાણ ૬૦૦ શ્લોક જેટલું છે

(૯) કપ્પવડિંસિયા (કલ્પાવતંસિકા)

વિભાગ—અનુત્તરોવવાઇય નામના ઉપાંગ તરીકે નિર્દેશાતા આ આગમમાં દસ અધ્યયનો છે

વિષય—આમાં કહ્યું છે કે શ્રેણિકના કાલ વગેરે દસ પુત્રે એકેક પુત્ર હતો એ દસના પદ્મ, મહાપદ્મ ઇત્યાદિ નામ હ આ શ્રેણિકના દસ પૌત્રો દીક્ષા લઈ કાળધર્મ પામી સૌધર્માદિ કલ્પ (સ્વર્ગ)માં ઉત્પન્ન થયા છે ત્યાંથી ચ્યવી એઓ મોક્ષે જ

વિવરણ—આ ઉપાંગ ઉપર શ્રીચન્દ્રસૂરિની ટીકા છે

(૧૦) પુપ્ફિયા (પુષ્પિતા)—

વિભાગ—પણ્હાવાગરણના ઉપાંગ તરીકે નિર્દેશાતા આગમમાં દસ અધ્યયન છે

વિષય—ચન્દ્ર નામનો ઇન્દ્ર મહાવીરસ્વામીને વદનાર્થે આવી સૂર્યાભ દેવની જેમ નાટ્યવિધિ દર્શાવી પાછો ફરે છે એની ઋદ્ધિ વિષે પ્રશ્ન પૂછાતા કૂટાગારશાલાનુ ઉદાહરણ અપાયુ છે અને આ ચન્દ્રનો પૂર્વ ભવ કહેવાયો છે એમા એને જૈનોના ત્રેવીસમા તીર્થ કર 'પુરુષાદાનીય' પાર્શ્વનાથની પાસે દીક્ષા લીધાનો ઉલ્લેખ છે

[1]સૂર્ય, [2]શુક્ર, બહુપુત્રિ કા દેવી વગેરે નનની હકીકત આ આગમમા અપાઈ છે તેમા શુક્રનો સોમિલ બ્રાહ્મણ તરીકેનો પૂર્વ ભવ વિસ્તારથી રજૂ કરાયો છે, અને એમા તાપસ તરીકેની એની રહેણીકરણીનુ—એણે લીધેલા વિવિધ અભિગ્રહોનુ વર્ણન કરાયુ છે

વિવરણ—મુખ્યતયા ગદ્યમા રચાયેલા આ આગમ ઉપર શ્રીચન્દ્રસૂરિની ટીકા છે

(૧૧) પુપ્ફચૂલિયા (પુષ્પચૂલિકા)—

વિભાગ—વિવાગસુયના ઉપાગ તરીકે ઓળખાવાતો આ આગમ દસ અધ્યયનોમા વિભક્ત છે

વિષય—આ આગમમા સયમની આરાધનામા ન્યૂનતા સેવવાથી આવતા અનિષ્ટ પરિણામનો ચિતાર અપાયો છે તેમ કરતી વેળા શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઇલા, સુરા, રસદેવી અને ગધદેવી એ દસ દેવીઓના પૂર્વ ભવનુ વર્ણન કરાયુ છે એ દસે પૂર્વ ભવમા જિનેશ્વર પાર્શ્વનાથ પાસે દીક્ષા લઈ પુષ્પચૂલા સાધ્વીની શિષ્યાઓ બની હતી એ દસેને જળ વડે વસ્તુઓ ધોવાનો નાદ હતો એની આલોચના ન કરવાથી એમને વિશેષ ઉચ્ચ સ્થાન મળ્યું નહિ

વિવરણ—મુખ્યતયા ગદ્યાત્મક આ આગમ ઉપર શ્રીચન્દ્રસૂરિની ટીકા છે

૧-૨ આ બનેએ પૂર્વ ભવમા પાર્શ્વનાથ પાસે દીક્ષા લીધી હતી

(૧૨) વણ્હિદસા (વૃષ્ણિદશા)—

નામ—દિટ્ઠિવાયના ઉપાગ તરીકે નિર્દેશાતા આ આગમનુ નામ 'અધગવણ્હિદસા' છે

વિભાગ—આ આગમ બાર અધ્યયનોમા વિભક્ત છે

વિષય—'વૃષ્ણિ' વશના અને વાસુદેવ કૃષ્ણના વડીલ બધુ બળદેવના નિષઢ વગેરે બાર પુત્રો અખડ-બ્રહ્મચારી નેમિનાથ પાસે દીક્ષા લઇ એ પાળી 'સર્વાર્થસિદ્ધ' નામના અનુપમ સ્વર્ગમા ઉત્પન્ન થયા તે બાબત અહીં આલેખાઇ છે

વિવરણ—લગભગ સર્વાંશે ગદ્યમા રચાયેલા આ આગમ ઉપર શ્રીચન્દ્રસૂરિની ટીકા છે

(૧૩) ઉપાગોનુ પરિમાણ—આ પ્રમાણે ૧૨ ઉપાગોનો પરિચય પૂર્ણ થાય છે એટલે એ બારેનુ પરિમાણ હુ અહીં નીચે મુજબ નોધુ છુ —

૧૬૦૦, ૨૧૦૦, ૪૭૦૦, ૭૭૮૭, ૨૨૯૬, ૪૪૫૮, ૨૨૦૦, અને [1]૧૧૦૦

આમ બાર ઉપાગોનુ એકદર પરિમાણ ૨૬૨૩૭ શ્લોકનુ છે



૧ આ છેલ્ના પાચ ઉપાગોનુ ભેગુ પરિમાણ છે

પ્રકરણ ૪ મૂલસૂત્રો

(૧) આવસ્સય (આવશ્યક)—

વિભાગ—૧૩૦ શ્લોક જેવડો અને અગબાહ્ય શ્રુતમા પ્રધાન પદ ભોગવતો આ આગમ છ અધ્યયનોમા વિભક્ત છે એના નામ નીચે મુજબ છે —

(૧) સામાયિક (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વદનક, (૪) પ્રતિક્રમણ (૫) કાર્યોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન

આ આગમમા મૂળે એક દર ૩૫ સૂત્રો હશે એવુ અનુમાન કરાય છે

વિષય—આ આગમમાં, અવશ્ય કરવા લાયક છ કાર્યોનું સ્વરૂપ આલેખાયું છે પાપજનક પ્રવૃત્તિઓનો પરિહાર, જિનેશ્વરોનું ગુણોત્કીર્તન, સદ્ગુરુને બાર આવર્તપૂર્વકનું વદન ('દ્વાદશાવર્ત' વદન), અતિચારોની આલોચના, અવિરતિ ઉપર જાતજાતના કાપ અને ધ્યાન એ બાબતો વિચારાઇ છે તેમ કરતી વેળા સમણસુત્ત અને પડિક્કમણગ તેમજ શ્રાદ્ધપ્રતિક્રમણને લગતા મૌલિક સૂત્રોને અહીં સ્થાન અપાયુ છે

પ્રણેતા—આ આગમ અગબાહ્ય છે એ વિષે તેમજ એના કર્તા ચરમ જિનપતિ મહાવીરસ્વામીના સમકાલીન શ્રુતસ્થવિર છે એ બાબત વિષે પણ બે મત નથી, પરતુ એ કર્તા શ્રુતસ્થવિર તે ગણધર જ છે કે કેમ એ વિવાદાસ્પદ વિષય છે આવસ્સયની પ્રબન્ધ નિર્યુક્તિની રચના થઇ તે પૂર્વે આવસ્સયના કર્તા ગણધર હોવાની માન્યતા શરૂ થઇ હશે એમ લાગે છે

વિવરણ—મુખ્યતયા ગદ્યમા રચાયેલા આ આગમ ઉપર ૧૬૨૩ ગાથામા આશરે ૨૫૦૦ શ્લોક જેવડી વિસ્તૃત અને અનેક

રીતે માગદર્શક નિર્યુક્તિ ભદ્રબાહુસ્વામીએ રચી છે એની ગા ૯૦૦-૬૪૧ સુપ્રસિદ્ધ ગણધરવાદના બીજની ગરજ સારે છે

આ નિર્યુક્તિ ઉપર બે ભાષ્ય છે (૧) લગભગ ૧૮૩ પદ્યોમા રચાયેલુ મૂલ-ભાષ્ય અને (૨) લગભગ ૩૦૦ પદ્યોમા રચાયેલુ ભાષ્ય

વિશેષમા પ્રથમ અધ્યયન પૂરતી અને કર્તાએ જાતે [1]વિશેષા વશ્યકભાસ (વિશેષાવશ્યકભાષ્ય) તરીકે [2]નિર્દેશેલી, મનનીય, આગમોના અનુરાગીને શોભે એવી તાર્કિક દૃષ્ટિથી વિભૂષિત અને મહામૂલ્યશાળી એવી કૃતિ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે ૪૩૩૬ પદ્યમા ૫૦૦૦ શ્લોક જેવડી રચી છે

આ આગમ ઉપર ૧૮૫૦૦ શ્લોકની ચૂર્ણિ છે, અને એના કર્તા નિશીથ અને નદી ઉપર ચૂર્ણિ રચનારા જિનદાસગણિ હોવાનુ કેટલાક વિદ્વાનો કહે છે

જૈન શાસનના મહાસ્તભરૂપ હરિભદ્રસૂરિએ આ આવશ્યક ઉપર ૮૪૦૦૦ શ્લોક જેવડી મહાકાય ટીકા રચી હતી તે તો હજી સુધી અપ્રાપ્ય છે, પરતુ સદ્ભાગ્યે એમણે ૨૨૦૦૦ શ્લોક પૂરતી જે 'શિષ્યહિતા' નામની ટીકા રચી હતી તે તો મળે છે, અને એ પ્રકાશિત પણ છે

વિવિધ ઉપાગોના વૃત્તિકાર મલયગિરિસૂરિએ પણ આ આગમ ઉપર ટીકા રચી છે, પરતુ એ અપૂર્ણ મળે છે તેમ છતા એના

૧ બૌદ્ધોના વિસુદ્ધિમગ્ગનુ સ્મરણ કરાવનારા આ આકર-ગ્રથ ઉપર જિનભદ્રગણિએ જાતે સસ્કૃતમા સક્ષિપ્ત વૃત્તિ રચવા માડી હતી પરતુ ૧૮૬૩મી ગાથા સુધીની એ રચાતા એમનો સ્વર્ગવાસ થયો અને અપૂર્ણ કાર્ય કોટ્યાચાર્યે કર્યુ ... આ દ્વિકર્તૃક વૃત્તિ અદ્યાપિ અપ્રસિદ્ધ છે જ્યારે મલધારગચ્છના ... વિક્રમની બારમી સદીમા થયેલા મલધારી હેમચન્દ્રસૂરિની વિ સ ૧૧૭૫ની વૃત્તિ પ્રકાશિત થયેલી છે

૨ જુઓ ૧૪૮૨મી ગાથાની સ્વોપજ્ઞ વૃત્તિ

૧,૦૦૦ શ્લોક જેવડો ઉપલબ્ધ ભાગ મુદ્રિત કરાયો છે એ આનંદની વાત છે

આ ઉપરાંત બીજી પણ કેટલીક વૃત્તિઓ છે એ બધીનું પરિમાણ લગભગ એક લાખ શ્લોક જેટલું દર્શાવાય છે વળી આવશ્યકના કોઈ કોઈ વિભાગને અનુલક્ષીને પણ બહોળા પ્રમાણમા વૃત્તિ વગેરે સાહિત્ય રચાયું છે

પઠનપાઠન—આ મૂલસૂત્ર તેમજ એના વિવરણાત્મક તમામ સાહિત્યનો પઠનપાઠન તરીકે ઉપયોગ કરવાની હરકોઈ જૈનને શ્રાવક-શ્રાવિકાને પણ પૂરેપૂરી છૂટ છે

(૨) ઉત્તરજ્ઝયણ (ઉત્તરાધ્યયન)—

નામ—મુખ્યતયા પદ્યમા રચાયેલા અને આશરે ૨૦૦૦ શ્લોક જેવડા આ આગમના 'ઉત્તરજ્ઝ' અને 'ઉત્તરાધ્યાય' એવા અનુક્રમે પ્રાકૃત અને સંસ્કૃત નામાંતર છે

વિભાગ—આ આગમ ૩૬ અધ્યયનોમા વિભક્ત છે એમા ૧૬૪૩ પદ્યો છે

વિષય—કોઈક ધર્મમા શૌચને તો કોઈકમા જ્ઞાનને તો કોઈ માં ભક્તિને તો કોઈકમા અનાસક્ત યોગને પ્રાધાન્ય અપાયું છે, જ્યારે જૈન ધર્મમા વિનયને મુખ્ય સ્થાન અપાયુ છે એ જોતા આ આગમનો પ્રારંભ વિનયના નિરૂપણથી કરાયો છે તે સર્વથા ઉચિત છે આ આગમમાં જાતજાતની વાની પિરસાઈ છે —

૨૨ પરીષહો, ધર્મના મનુષ્યત્વાદિ ચાર અંગોની દુર્લભતા, સમાનના પ્રમરો, મરણના ભેદ, બહુશ્રુતતા, બ્રહ્મચર્યના દસ સ્થાનો, ભિક્ષુક સાધુનું સ્વરૂપ, પાપ-શ્રમણની રૂપરેખા, ઉત્તમ સાધુના લક્ષણ, સાચુ બ્રાહ્મણત્વ, આઠ પ્રવચનમાતા, દસ પ્રકારની સામાચારી, મોક્ષમાર્ગના સાધનો, સંવેગાદિ ૭૩ દ્વાર, તપના પ્રકારો અને

ઉપપ્રકારો, ચરિત્રનું સંખ્યાના ક્રમે નિરૂપણ, કર્મ, લેશ્યા, અનગાર-ધર્મ તેમજ જીવ અને અજીવના પ્રકારો

આ આગમમા અનેક સંવાદો રજૂ કરાયા છે દા ત પુરોહિત અને એના બે પુત્રોનો સંવાદ, સાધ્વી રાજીમતી અને રથનેમિનો ગૌતમગોત્રી ઇન્દ્રભૂતિનો અને કેશી ગણધરનો, જયઘોષ અને વિજયઘોષનો તેમજ મૃગાપુત્ર અને એની માતાનો

વિશેષમા આ આગમમા નિમ્નલિખિત વ્યક્તિઓના ચરિત્ર પણ આલેખાયા છે —

કપિલ, પ્રત્યેકબુદ્ધ [1]નમિ, ચડાળ મુનિ હરિકેશબલ, ચિત્ત અને સભૂત, સજય, અનાથ મુનિ અને સમુદ્રપાલ

આ આગમમા ધાર્મિક ઉપદેશ સચોટ બનાવવા જાતજાતના ઉદાહરણો અપાયા છે —

ઘેટુ, કાકણી, કેરી, [2]વેપાર, સમુદ્ર, પાદડા અને ગળિયો બળદ

વળી કેટલાક કોયડાઓને પણ સ્થાન અપાયું છે.

સકનના અને કર્તૃત્વ—બૌદ્ધોના સુત્તનિપાતનુ સ્મરણ કરાવનારો આ આગમ કોઈ એક જ કર્તાની રચના નથી એના કેટલાક અધ્યયનો અગમાથી ઉદ્ભવેલા છે, કેટલાક જિનભાષિત છે, અને કેટલાક પ્રત્યેકબુદ્ધના સવાદરૂપ છે સ્પષ્ટ શબ્દોમા કહુ તો 'પરીષહ' અધ્યયન દૃષ્ટિવાદમાથી ઉદ્ભવ્યુ છે, 'દ્રુમપત્રક' અધ્યયનના કર્તા મહાવીરસ્વામી છે, અને કાપિલીય અધ્યયનના કર્તા પ્રત્યેકબુદ્ધ છે 'કેશિગૌતમ' એ કેશી અને ગૌતમ નામના

---

૧ એમનુ ચરિત્ર આપણા દેશના જનક વિદેહીનુ અને માર્કસ ઓરેલિયસનુ સ્મરણ કરાવે છે

૨ ત્રણ વેપારીની વાત બાઈબલની કથાનુ સ્મરણ કરાવે છે.

એ મહાનુભાવોના સંવાદરૂપ છે

નિરૂપણ—આ આગમ ઉપર લગભગ ૬૦૦ ગાથાની નિર્યુક્તિ છે, વળી એના ઉપર ભાષ્ય છે એની કેટલીક ગાથાઓ નિર્યુક્તિમા ભળી ગઈ છે આ આગમ ઉપર ૫૮૫૦ શ્લોક જેવડી ચૂર્ણિ છે, અને એના કર્તા 'વાણિજ્ય' કુલના 'કોટિક' ગણના અને 'વજ્ર' શાખાના મહત્તર ગોપાલિકના શિષ્ય (? જિનદાસગણિ) છે વળી 'વાદિવેતાલ' શાંતિસૂરિની ૧૬૦૦૦ શ્લોકની ટીકા છે એ ટીકામા કથાઓ પાઇયમા અપાયેલી હોવાથી એને 'પાઇય-ટીકા' કહે છે આ ઉપરાત બીજી પણ કેટલીક ટીકાઓ રચાઈ છે તેમા નેમિચન્દ્રસૂરિએ વિ સં ૧૧૨૯મા ૧૦,૦૦૦ શ્લોક જેવડી રચેલી ટીકા નોંધપાત્ર છે

મૂલ્યાકન—આ આગમ ધાર્મિક કાવ્ય તરીકે આગમોમા મહત્ત્વનું સ્થાન ભોગવે છે વૈદિક હિંદુઓની ભગવદ્ગીતા સાથે અને બૌદ્ધોના ધમ્મપદની સાથે સમકક્ષામા માનભેર ઊભુ રહી શકે તેવુ આ મૂલસૂત્ર છે એમ કેટલાક આધુનિક વિદ્વાનોનું કહેવુ છે આ આગમ અતિપ્રાચીન અને વિલક્ષણ રૂપોના ભંડારરૂપ છે એથી એ અર્ધમાગધી ભાષાના વ્યાકરણના પ્રણયન અને અભ્યાસના સબળ સાધનની ગરજ સારે તેમ છે વળી એ પ્રાચીન છંદો અને અલંકારોની ગવેષણા માટે પણ ઉપયોગી છે

પઠનનો ક્રમ—અસલના જમાનામા આયારનો અભ્યાસ કર્યા બાદ આ આગમનો અભ્યાસ કરાતો હતો, પરંતુ દસવેયાલિય રચાતા આયારને બદલે દસવેયાલિયનો અભ્યાસ કર્યા પછી આ આગમનો અભ્યાસ કરવાની પ્રણાલિકા શરૂ થઇ અને આજે એ ચાલુ છે

અનુશ્રુતિ—એમ કહેવાય છે કે મહાવીરસ્વામીએ એમના નિર્વાણસમયે જે એકધારી સોળ પ્રહરની દેશના આપી તે વેળા એમણે આ આગમના ૩૬ અધ્યયનો કહી સભળાવ્યા હતા. આ હિસાબે આ આગમની રચના મોડામા મોડી ઈ સ પૂર્વે ૫૨૭માં થયેલી ગણાય.

આજકાલ શ્રમણવર્ગનો મોટો ભાગ આશ્વિન માસની કૃષ્ણ ચતુર્દશીએ તેમજ દીપોત્સવીને દિવસે આ ૩૬ અધ્યયનો વાંચી જાય છે, તે ઉપર્યુક્ત અનુશ્રુતિને આભારી હોય એમ લાગે છે

(૩) દસવેયાલિય (દશવૈકાલિક)—

વિભાગ—'દસકાલિય' એવા નામાંતરવાળા અને ૮૩૫ શ્લોક જેવડા આ આગમમા દસ અધ્યયનો છે તેમા પાચમા અને નવમાને અનુક્રમે બે અને ચાર ઉદ્દેશક છે, બાકીના માટે આવા વિભાગ નથી અંતના બે ચૂલા છે

શૈલી—આ સમગ્ર કૃતિ સર્વાંશે ગદ્યમા કે સર્વાંશે પદ્યમા નથી.

વિષય—આ આગમ 'ચરણકરણ' અનુયોગનો અને સાધુ-જીવનનો સંક્ષેપમા પરંતુ સચોટ અને સુગમ બોધ કરાવે છે એમા વિવિધ વિષયોને સ્થાન અપાયું છે જેમકે માધુકરી વૃત્તિ, સાધુને નહિ આચરવા જેવી બાવન બાબતો, છ જીવનિકાય અને પાંચ મહાવ્રતોનું સ્વરૂપ, આત્મોન્નતિના સોપાન, વચનની વિશુદ્ધિ, ભિક્ષાચર્યાના નિયમો, શ્રમણના ઉત્તમ ગુણો, ગુરુ સાથેનું વર્તન, વિનય-સમાધિ વગેરે ચાર જાતની સમાધિ અને આદર્શ શ્રમણતા પ્રથમ ચૂલામા સાધુ સંયમમા સ્થિર રહે એવી સમજણ અપાઈ છે અને બીજીમા સંસાર-પ્રવાહને વશ નહિ થવાનો ઉપદેશ અપાયો છે

નિર્યૂહણ—'આત્મપ્રવાદ' નામના સાતમા પૂર્વમાથી ચોથુ અધ્યયન, 'કર્મપ્રવાદ' નામના આઠમા પૂર્વમાથી પાચમુ અને 'સત્યપ્રવાદ' નામના છઠ્ઠા પૂર્વમાથી સાતમુ અધ્યયન નિર્યૂહિત કરાયા છે, જ્યારે 'પ્રત્યાખ્યાન-પ્રવાદ' નામના નવમા પૂર્વના ત્રીજા વત્થુ (વસ્તુ)માથી બાકીના અધ્યયનો માટે તેમ કરાયું છે મતાંતર પ્રમાણે બાર અંગરૂપ ગણિપિટકમાથી આ આગમનું નિર્યૂહણ કરાયું છે

સતુલન—ધમ્મપદનું અશત સ્મરણ કરાવનારુ આ મૂલસૂત્ર કેટલીક બાબતમા આયાર અને ઉત્તરજ્ઝયણ જેવા જૈન આગમો સાથે તેમજ સયુક્તનિકાય અને વિસવતજાતક નામના બૌદ્ધ ગ્રથો સાથે મળતું આવે છે

સકલનાકાર—આ આગમની સકલના વિપ્રવય શય્યભવસૂરિએ કરી છે એઓ ઈ સ પૂર્વે ૪૦૭ની આસપાસમા જૈન સઘના નાયક બન્યા હતા એઓ ચરમ કેવલજ્ઞાની જબૂસ્વામીના શિષ્ય પ્રભવસ્વામીના શિષ્ય થાય છે આ શ્રુતકેવલી મુનીશ્વરે પોતાના બાલદીક્ષિત પુત્ર મનકને માટે આ આગમની વીરસંવત્ ૭૨ અર્થાત્ ઈ સ પૂર્વે ૪૫૫મા વિકાલે-સમીસાજના સમયે યોજના કરી હતી.

વિવરણ—પ્રાચીન છદોના અભ્યાસ માટે ઉપયોગી એવુ આ દસવેયાલિય તેમજ એની બને ચૂલા ઉપર ૩૭૧ [illegible] લગભગ ૫૦૦ શ્લોક જેવડી નિર્યુક્તિ છે, અને લગભગ ૬૩ [illegible] ભાષ્ય છે આ બનેને અનુલક્ષીને હરિભદ્રસૂરિએ ૭૦૦૦ [illegible] વૃત્તિ રચી છે

દસવેયાલિય ઉપર કોઈકની-પ્રસિદ્ધિ પ્રમાણે [illegible] મહત્તરની આશરે ૭૦૦૦ જેવડી ચૂર્ણિ છપાયેલી છે [illegible] આના કરતા પ્રાચીન જણાતી મુનિવર [illegible] અમુદ્રિત ચૂર્ણિ છે, અને એ ચૂર્ણિમા આ [illegible] વૃત્તિનો ઉલ્લેખ છે

(૪) ઓહનિજ્જુત્તિ (ઓઘનિર્યુક્તિ)

પ્રશાખા—'ચરણકરણ' અનુયોગના [illegible] એ ૮૧૧ પદ્યોની ૧૩૫૫ શ્લોક જેવડી [illegible] આવસ્સય-નિજ્જુત્તિની ૬૬૫મી ગાથા [illegible]

વિષય—'ઓઘ'નો અર્થ 'સક્ષેપ' થાય છે આ કૃતિમા જૈન દીક્ષા લીધા બાદ સયમી જીવન જીવવા ઇચ્છનારે બોલવા–ચાલવામા, આહાર મેળવવામા તેમજ વિહાર કરવામા શી શી સાવચેતી રાખવી તે ટૂકમા પરતુ સચોટ રીતે દર્શાવ્યુ છે વિસ્તારથી કહુ તો આ કૃતિમા ચરણ–સપ્તતિ, કરણ–સપ્તતિ, પ્રતિલેખન–દ્વાર, પિંડ–દ્વાર, ઉપધિનુ નિરૂપણ, અનાયતનનુ વર્જન, પ્રતિસેવના–દ્વાર, આલોચના દ્વાર અને વિશુદ્ધિ–દ્વાર એમ વિવિધ બાબતો અપાઈ છે વળી કેટલાક શુભ શુકનો વિષે પણ અહીં ઉલ્લેખ છે

કર્તા—આ આગમના કર્તા શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી છે

નિર્યૂહણ—'પ્રત્યાખ્યાનપ્રવાદ' નામના નવમા પૂર્વમાથી આ આગમનુ નિર્યૂહણ કરાયુ છે એ હિસાબે આ મૌલિક કૃતિ નથી, પરતુ વિશિષ્ટ પ્રકારની સંકલના છે

વિવરણ—આ આગમ ઉપર ૩૨૨ ગાથાનુ ભાષ્ય છે અને એના ઉપર નાયાધમ્મકહાના સશોધક દ્રોણસૂરિની ૭૫૦૦ શ્લોક જેવડી વૃત્તિ છે

(૫) પિંડનિજ્જુત્તિ (પિણ્ડનિર્યુક્તિ)—

પ્રશાખા—દસવેયાલિયના 'પિંડેસણા' (પિંડૈષણા) નામના પાચમા અધ્યયન ઉપર નિર્યુક્તિ રચતા એ ઘણી મોટી થઈ જવાથી આ આગમની પૃથક્ રચના કરાઈ છે આ હિસાબે આ આગમ દસવેયાલિયની નિર્યુક્તિની પ્રશાખા છે એમા ૬૭૧ ગાથાઓ છે એનુ પરિમાણ ૮૩૫ શ્લોક જેવડુ છે

વિષય—'પિંડ'નો અર્થ 'આહાર' થાય છે સાધુ–સાધ્વીને પણ ધર્મક્રિયા કરવા માટે શરીરની તો જરૂર રહેજ છે એટલે એના ટકાવ માટે તેમને આહાર કરવો પડે એ સ્વાભાવિક છે આ આહાર ૪૨ દોષોથી રહિત હોય તો તે સયમીઓને કામ લાગે આથી આ આગમમા એ દોષોનુ નિરૂપણ છે

કર્તા—આ આગમ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીની રચના છે

સતુલન—દિગબરોના મૂલાચારના છઠ્ઠા પરિચ્છેદનાથી પહેલી ૬૨ ગાથામાથી ઘણીખરી આ પિડનિર્યુક્તિ સાથે મળતી આવે છે

વિવરણ—આ આગમ ઉપર ૪૬ ગાથાનુ ભાષ્ય છે વળી જૈન જ્યોતિષ ર હરિભદ્રસૂરિની 'સ્થાપના-દોષ' પર્યંત રચાયેલી વૃત્તિ પણ છે, જો કે એ મળતી હોય તો પણ અમુદ્રિત છે વ્યાખ્યાવિશારદ મલયગિરિસૂરિની ૭૦૦૦ શ્લોક જેવડી વૃત્તિ તો સપૂર્ણ મળે છે, અને એ છપાવાઈ પણ છે

પરિમાણ—પહેલા ચાર મૂલસૂત્રોનુ એકદર પરિમાણ ૧૩૦+ ૨૦૦૦+૮૩૫+૧૩૫૫=૪૩૨૦ શ્લોક જેવડુ છે ચોથા મૂલસૂત્ર તરીકે પિડનિર્યુક્તિ ગણતા ૧૩૦+૨૦૦૦+૮૩૫+૮૩૫=૩૮૦૦ શ્લોક જેટલુ એ પરિમાણ થાય છે



પ્રકરણ ૫　છ છેદસૂત્રો

(૧) નિસીહ (નિશીથ)—

નામ—૮૨૧ શ્લોક જેવડા અને આયારની પાચમી ચૂલા તરીકે નિર્દેશાતા આ ગદ્યાત્મક આગમનું બીજુ નામ 'આચાર પ્રકલ્પ' છે

વિભાગ—આ આગમ વીસ ઉદ્દેશકમા વિભક્ત છે

વિષય—આ આગમમા જ્ઞાનાચાર ઇત્યાદિ પાચ આચારોનું પાલન કરતી વેળા જે દોષો લાગી જાય તેના પ્રાયશ્ચિત્તનો નિર્દેશ કરાયો છે

નિર્યૂહણ—પચકપ્પભાસ પ્રમાણે નવમા પૂર્વમાથી આ આગમનુ તેમજ દસા, કપ્પ અને વવહારનુ પણ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીએ નિર્યૂહણ કર્યું છે

કર્તા—કેટલાકને મતે આના કર્તા ગણધર છે

સતુલન—નિસીહના છેલ્લા ઉદ્દેશકોમા વવહારના મોટા ભાગને સ્થાન અપાયુ છે વળી નિસીહના કેટલાયે સૂત્રો આયારની પહેલી બે ચૂલા સાથે સામ્ય ધરાવે છે

વિવરણ—આ આગમ ઉપરની નિયુક્તિની ગાથામા ભાષ્યની કેટલીક ગાથાઓ ભળી ગઈ છે આ આગમ ઉપર બે ભાષ્ય છે એના પરિમાણ અનુક્રમે ૧૨૦૦૦ અને ૭૫૦૦ શ્લોકો હોવાનુ કહેવાય છે લઘુ ભાષ્યમા ૬૬૬૪ ગાથા છે એના કર્તા સઘદાસગણિ હોવાનુ કેટલાક કહે છે આ આગમ ઉપર ૨૮૦૦૦ શ્લોક જેવડી અને 'વિસેસ-નિસીહ-ચુણ્ણિ' એ નામે ઓળખાવાતી ચૂર્ણિ જિનદાસગણિ મહત્તરે રચી છે આ નામ વિચારતા એમ લાગે છે કે આ પૂર્વે બીજી કોઈ ચૂર્ણિ રચાઈ હશે.

આ આગમના વીસમા ઉદ્દેશક ઉપર શ્રીચન્દ્રસૂરિના શિષ્ય શ્રીચન્દ્ર વિ સ ૧૧૭૪મા ૧૧૦૦ શ્લોક જેવડી વૃત્તિ રચી છે

(૨) દસા (દશા)—

નામ— ૧૦૬ શ્લોક જેવડા અને મુખ્યતયા ગદ્યાત્મક એવા આ આગમના 'દશા' નામ સાથે સુયક્ખધ' જોડીને પણ એનો વ્યવહાર કરાય છે વળી એનુ 'આયારદશા' એવુ પણ બીજુ નામ છે કેટલીક વાર આ આગમને 'દસાસુય' પણ કહે છે

વિભાગ—આ આગમ દસ વિભાગમા વિભક્ત છે તેમા આઠમા અને દસમાનો 'અધ્યયન' તરીકે અને બાકીનાનો 'દશા' તરીકે ઉલ્લેખ જોવાય છે

વિષય—અસમાધિના ૨૦ સ્થાનો, ૨૧ સબલદોષ, ગુરુની ૩ આશાતના, આચાર્યની ૮ સપદા, ચિત્તની સમાધિના ૧૦ સ્થાનો, ઉપાસકોની ૧૧ અને સાધુઓની ૧૨ પ્રતિમાઓ, મહાવીરસ્વામીનુ ચરિત્ર, મોહનીય કર્મના ૩૦ સ્થાન, અને ૯ નિદાન એમ વિવિધ બાબતો આ આગમમા આલેખાઈ છે આ આગમનુ આઠમુ અધ્યયન તે પજ્જોસવણાકપ્પ છે કે જેને સામાન્ય જનતા 'કલ્પસૂત્ર' તેમજ 'બારસાસૂત્ર' પણ કહે છે

કર્તા—આ આગમના તેમજ કપ્પ અને વવહારના કર્તા શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી છે

વિવરણ—આ આગમ ઉપર શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીએ ૧૪૦ શ્લોક જેવડી રચેલી નિર્યુક્તિ છે એ ઉપલબ્ધ સ્વોપજ્ઞ વિવરણોમા આદ્ય સ્થાન ભોગવે છે આ નિર્યુક્તિમા કોઈ કોઈ ક્ષેપક ગાથા છે

ઉપર્યુક્ત નિર્યુક્તિને ઉદ્દેશીને ૨૨૬૧ શ્લોક જેવડી કોઈકની ચૂર્ણિ છે વળી બ્રહ્મમુનિએ વિ સ ૧૬૦૦ની આસપાસમા જન હિતા નામની વૃત્તિ રચી છે, અને એનું પરિમાણ ૫૧૫૦ શ્લોકનું છે

(૩) કપ્પ (કલ્પ)—

નામ—૪૦૦ થી ૪૭૩ શ્લોક જેવડા આ આગમના વિવિધ નામો છે જેમ કે કલ્પાધ્યયન, બૃહત્કલ્પ, બૃહત્સાધુકલ્પ અને છેદક પસુન

વિભાગ—આ આગમમા છ ઉદ્દેશક છે

વિષય—સાધુસાધ્વીના આચાર અને એના નિયમો માટેનો આ મુખ્ય ગ્રંથ છે એમા સંયમને શુ બાધક છે એ દર્શાવી એ સયમને કલ્પે અર્થાત્ ખપે એમ કહ્યુ છે એવી રીતે સયમને શુ બાધક છે એ બતાવી એ ન કલ્પે એમ કહ્યુ છે આ બંને જાતના વિચારો સ્થાન, વસ્ત્ર, પાત્ર ઇત્યાદિને અગે કરાયા છે વિશેષમા કયા અપરાધ માટે દસ પ્રાયશ્ચિત્તો પૈકી કયું આપવુ એ બાબત અહીં વિચારાઇ છે આમ આ આગમ દંડવિધાનના નિરૂપણરૂપ છે વળી કલ્પના ૭ પ્રકારો વિષે પણ અહીં નિર્દેશ છે

પ્રણેતા—'પ્રત્યાખ્યાન' પૂર્વમા મૂલ ગુણો અને ઉત્તર ગુણોને અગે પ્રાયશ્ચિત્તોનો અધિકાર હતો આ પૂર્વનો અભ્યાસ રહ્યો નહિ ત્યારે પ્રાયશ્ચિત્તોનો ઉચ્છેદ થતો અટકાવવા આની તેમજ વવહારની રચના શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીએ કરી આમ આ બને આગમના પ્રણેતા ભદ્રબાહુસ્વામી છે

વિવરણ—આ આગમ ઉપર [1]નિર્યુક્તિ રચાઈ છે એમ

---

૧ કેટલાક પચકપ્પને કપ્પની નિર્યુક્તિનુ એક અગ ગણે છે તે કેટલાક એને કપ્પના ભાસનુ અગ ગણે છે એ ગમે તે હો એ વિ સ ૧૬૧૨ સુધી ઉપલબ્ધ હતુ ખભાતના કોઈ યતિના પ્રાચીન ભડારમા એની દસ પાનાની હાથપોથી હોવાનુ કહેવાય છે જો એ મળતી હોય તો તેમ નહિ તો આ પચકપ્પ ઉપર બે ભાષ્ય (એક સઘદાસગણિ ક્ષમાશ્રમણનુ) અને કોઇકની ચૂર્ણિ મળે છે એ ઉપરથી પચકપ્પ ઊભુ થઈ શકે તેમ હોય તો તે માટે પ્રયાસ થવો ઘટે

લઘુ ભાષ્યની ગાથાઓ ભળી ગઈ છે આજે વિશિષ્ટ સાધનોની પ્રચુરતા છે તો એ જુદી તારવવાનો પ્રયાસ થવો ઘટે

આ આગમ ઉપર બે ભાષ્ય છે લઘુ અને બૃહત્ લઘુ ભાષ્યના કર્તા સંઘદાસગણિ ક્ષમાશ્રમણ છે અને એમા ૭૬૦૦ શ્લોક જેવડી ૬૪૯૦ ગાથા છે ૧૨૦૦૦ શ્લોક જેવડુ બૃહદ્-ભાષ્ય છે, અને એ આ આગમ ઉપરના લઘુ ભાષ્ય અને એને અંગેની બે ચૂર્ણિ પછી રચાયુ છે

આ આગમ ઉપર જે બે ચર્ણિ છે તેમાની એકને 'વિશેષચૂર્ણિ' કહે છે, અને એ ૧૧૦૦૦ શ્લોક જેવડી છે બીજી ચૂર્ણિનુ પરિમાણ ૧૬૦૦૦ શ્લોકનુ છે

આ આગમ અને નિર્યુક્તિને અનુલક્ષીને મલયગિરિસૂરિએ વૃત્તિ રચવા માડી હતી, પરતુ એ પીઠિકા પૂરતી પણ પૂરી ગ્યાઈ નહિ આમ એ ૪૬૦૦ શ્લોક જેટલુ કાર્ય, અપૂર્ણ રહેતા ક્ષેમકીર્તિસૂરિએ એ નય વિ સ ૧૩૩૨મા પૂર્ણ કર્યું, અને પોતાની આ વૃત્તિનું નામ 'સુખાવબોધ ટીકા રાખ્યું આ સમગ્ર વૃત્તિનુ પરિમાણ ૪૨૬૦૦ શ્લોકનું છે

(૪) વવહાર (વ્યવહાર)—

વિભાગ—૩૭૩ શ્લોક જેવડા આ આગમમા દસ ઉદ્દેશક છે.

વિષય—કપ્પમા શિક્ષાના પ્રસંગો દર્શાવાયા છે તો આ આગમમા એ શિક્ષાઓનો કેવી રીતે અમલ કરવો તે બતાવાયું છે તેમ કરતી વેળા નીચેની બાબતો ઉપર પ્રકાશ પડાયો છે —

ગણનાયક બનનારના ગુણો[1], આચાર્ય વગેરે સાત પદવી માટેની યોગ્યતા, પ્રવર્તિનીનું વર્તન, સાધ્વીઓને અગેના નિયમો, બે જાતની

૧ આ બાબત ઠાણ (સ્થાન ૬ ઉ. ૩, સૂત્ર ૪૭૫)મા વિચારાઈ છે.

પ્રતિમા (અભિગ્રહ), [1]આગમાદિ પાચ પ્રકારના વ્યવહાર, પુરુષ, આચાર્ય અને શિષ્યના ચાર ચાર પ્રકારો, સ્થવિર અને શિષ્યની ત્રણ ત્રણ ભૂમિકાઓ, આગમોના પઠન માટેનો દીક્ષા-પર્યાય તેમજ વૈયાવૃત્યના દસ પ્રકાર

કર્તા—આ આગમના કર્તા શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી છે

વિવરણ—આ આગમ ઉપર ૬૪૦૦ શ્લોક જેવડુ ભાષ્ય છે, અને ૧૨૦૦૦ શ્લોક જેવડી ચૂર્ણિ છે વિશેષમાં આ આગમ ઉપર મલયગિરિસૂરિની ૩૪૦૦૦ શ્લોક જેવડી વૃત્તિ છે

(૫) જીયકપ્પ (જીતકલ્પ —

વિષય—[2]જીત એટલે 'આચાર' આ ૧૦૩ ગાથાની અને આશરે ૨૦૦ શ્લોક જેવડી લઘુ કૃતિમા આલોચનાદિ દસ પ્રકારના પ્રાયશ્ચિત્તનુ મવ્યમસરનુ વિવરણ છે

કર્તા—આ કૃતિના કર્તા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે એઓ હરિભદ્રસૂરિ કરતા પહેલા થયા છે

વિવરણ—આ કૃતિ ઉપર કર્તાનુ પોતાનુ રચેલુ અર્થાત્ સ્વોપજ્ઞ ભાષ્ય છે, અને એમા છેદશાસ્ત્રના સમસ્ત રહસ્યો ઉપર પ્રકાશ પાડનારી ૨૬૦૬ ગાથા છે આ ગાથાઓ પૈકી કેટલીક કપ્પ, વવહાર અને પચકપ્પ એ ત્રણના ભાષ્યની તેમજ પિંડનિજ્જુત્તિની ગાથાઓ સાથે સરખાવી શકાય તેમ છે આ ભાષ્ય વિસેસાવસ્સય-ભાસ પછી રચાયુ છે

---

૧ જુઓ પૃ ૯

૨ જે વ્યવહારને આગમ શ્રુત આજ્ઞા અને ધારણા પૈકી એકનો આધાર ન હોય પરતુ પરપરા ઉપર જે નિર્ભર હોય તેને જીત-વ્યવહાર કહે છે

આ જીતકલ્પ ઉપર સિદ્ધસેનમુનિની ૧૦૦૦ શ્લોકની ચૂર્ણિ છે એ પૂર્વે એક બીજી પણ ચૂર્ણિ ત્યાર હતી આજે એ મળે છે ખરી? સિદ્ધસેનીય ચૂર્ણિ ઉપર શ્રીચન્દ્રસૂરિએ વિ. સ. ૧૨૨૭મા ૧૧૨૦ શ્લોક જેવડી 'વિષમપદવ્યાખ્યા' રચી છે

(૬) મહાનિસીહ (મહાનિશીથ)

વિભાગ—૪૫૫૪૮ શ્લોક જેવડા આ આગમના પ્રારભમા એના ત્રણ વિભાગોનુ સૂચન છે પણ એ પ્રમાણે એ વિભાગો પડાયા છે ખરા? બાકી આના આઠ વિભાગો તો જોવાય છે તેમાના પહેલા છને 'અધ્યયન' અને બાકીના બેને 'ચૂલા' કહે છે કેટલાક ચૂલાનો પણ 'અધ્યયન' તરીકે નિર્દેશ કરે છે પહેલા અધ્યયન સિવાયના બાકીના સાત વિભાગો માટે ઓછાવત્તા ઉદ્દેશક છે જેમકે ૯, ૧૬, ૧૬, ૧૨, ૪, ૬ અને ૨૦ એકદર ૮૩ ઉદ્દેશકો છે

વિષય—પાપની નિંદા અને આલોચના એ આગમનો મુખ્ય સૂર છે આ આગમમા નિમ્નલિખિત બાબતોને સ્થાન અપાયું છે

૧૮ પાપસ્થાનક, શ્રુતદેવતા વગેરેના મન્ત્રાક્ષર, કુશીલ સાધુઓનુ સ્વરૂપ, દ્રવ્ય–સ્તવ અને ભાવ–સ્તવની સમજણ, ઉપધાન, તીર્થકરનો વિસ્તૃત પરિચય, દ્રવ્ય–પૂજા અને ભાવ–પૂજાનો ભેદ, વજ્રસ્વામીએ પચમગલમહાસુયક્ખધ (નમસ્કારમત્ર)ની કરેલી સ્થાપના, અડગોલિક, ગુરુ અને શિષ્યનો સબધ, ગુરુકુલવાસનુ મહત્ત્વ, ગચ્છનું સ્વરૂપ, પ્રાયશ્ચિત્તોના દસ પ્રકાર અને ચાર પ્રકારની આલોચના

વિશેષમા આ આગમમા નીચે મુજબની વ્યક્તિઓના ચરિત્ર રજૂ કરાયા છે —

અજનશ્રી, આષાઢ, [1]કમલપ્રભસૂરિ, નંદિષેણ, નાગિલ અને

[1] એઓ પતિત ન થતા ચૈત્યવાસીઓએ સાવદ્યાચાર્ય તરીકે એમની ખરી વગોવણી કરી હતી

સુશીલ (શ્રાવકો), પુડરીક અને કડરીક, ભદ્રાચાર્ય અને રજ (આર્યા), લક્ષ્મણા (સાધ્વી) અને સુયશ્રી (સુસઢની પુત્રી)

કર્તા—આ આગમના કર્તા ગણધર હોવાનુ કહેવાય છે

ઉદ્ધરણ—આ આગમની હાથપોથી ખવાઈ જતા એનો ઉદ્ધ હરિભદ્રસૂરિએ કર્યો છે

સકલના-સમય—આ આગમ જે સ્વરૂપમા આજે મળે છે સ્વરૂપે આની સકલના આજથી ઇ સ ૮૦૦ની આસપાસ થયેલી ગણાય

બહુમાન—આ આગમનુ બહુમાન કરનારા તરીકે નિમ્ન લિખિત મુનિવરોનો આ આગમમા ઉલ્લેખ કરાયો છે —

જિનદાસગણિ, દેવગુપ્ત, નેમિચન્દ્ર, યક્ષસેન, રવિગુ (યશોવધન ક્ષમાશ્રમણના શિષ્ય), વૃદ્ધવાદી, સવર્ષિ (? સત્યશ્રી) અને સિદ્ધસેન દિવાકર

વિવરણ—નિશીહ સાથે કેટલીક બાબતોમા સમાનતા ધરા નારા આ આગમ ઉપર કોઇકની ચૂર્ણિ છે

પરિમાણ—છ છેદસૂત્રોનુ એકદર પરિમાણ ૮૨૧+૨૧૦૬+૮ +૩૭૩+૨૦૦+૪૫૪૮=૮૫૨૧ શ્લોકનુ છે



પ્રકરણ ૬ પ્રકીર્ણકો

(૧) દેવિંદથય (દેવેન્દ્રસ્તવ)—

વિષય—૩૦૭ ગાથામા રચાયેલુ આ પ્રકીર્ણક ઇન્દ્રો[1] વિષે ઠીક વિગતો પૂરી પાડે છે જેમકે નામ, બળ, ભવન, સ્થિતિ ને અવધિજ્ઞાન વિશેષમા આ પ્રકીર્ણકમા નક્ષત્રોનો ચદ્ર સાથેના યોગ, ઈષત્પ્રાગ્ભારાનુ સ્વરૂપ તેમજ સિદ્ધોની અવગાહના ને એમનુ સુખ એ બાબતો અહીં ચર્ચાઈ છે

કર્તા—આ પ્રકીર્ણકની ૩૦૫મી અને ૩૦૬મી ગાથા વિચારતા આ કર્તા ઋષિપાલ હોય એમ લાગે છે એઓ 'બ્રહ્મદ્વીપ'ના છે એમ કેટલાકનુ કહેવુ છે[2]

વિવરણ—૩૭૫ શ્લોક જેવડી આ કૃતિ ઉપર પ્રાકૃત કે સંસ્કૃતમા કોઈ વિવરણ છે ખરુ ?

તદુલવેયાલિય (તદુલવૈચારિક)—

નામની યોજના—૧૦૦ વર્ષના આયુષ્યવાળો પુરુષ રોજ તદુલ (ભાત) ખાય તો તેની જે સખ્યા થાય એ વિચારના ઉપલક્ષણથી આ પ્રકીર્ણકનુ નામ યોજાયાનુ કહેવાય છે

વિષય—[3] મુખ્યતયા પદ્યમા રચાયેલા અને ૫૦૦ શ્લોક જેવડા આ પ્રકીર્ણકમા નિમ્નલિખિત બાબતો આલેખાઈ છે —

જીવની ગર્ભાવસ્થા, જન્મ પછીની બાળ ઇત્યાદિ દસ દશા,

---

૧ ગા ૧૪-૧૯મા બત્રીસ ઇન્દ્રોનો ઉલ્લેખ છે

૨ જુઓ જિનરત્નકોશનો પ્રથમ વિભાગ (પૃ ૧૮૦)

૩ આ પ્રકીર્ણકમા ૧૩૯ પદ્યો છે બાકીનો જે ભાગ ગદ્યમા છે તે સૂત્રરૂપે રજૂ કરાયો છે

[1] સંહનન અને [2] સંસ્થાનના છ છ પ્રકારો, કાળના વિભાગે નાડીઓની સંખ્યા, સ્ત્રીના ત્રણ પર્યાયો, મહિલા ઇત્યાદિની વ્યુત્પત્તિ, તંદુલની ચાર અબજ સાઠ કરોડ ને એંશી લાખની સંખ્યા, પુરુષાદિના કવલ (કોળિયા)ની સંખ્યા, શરીરની અપવિત્રતા તેમ વનિતાનું વૈરાગ્યજનક વર્ણન

વિવરણ—આ અનાનુપૂર્વ પ્રકીર્ણક ઉપર વિજયવિમલ ગણિની ૫૦૦ (?) શ્લોકની વિ સં ૧૬૪૦ની આસપાસ રચાયેલી વૃત્તિ છે

(૩) ગણિવિજ્જા (ગણિવિદ્યા)—

વિષય—૮૨ પદ્યોમાં રચાયેલા આ પ્રકીર્ણકમાં જ્યોતિષ વિચાર કરાયો છે તેમ કરતી વેળા નિમ્નલિખિત નવના બળાબળનો નિર્દેશ નવ દ્વાર દ્વારા કરાયો છે —

(૧) દિવસ (અહોરાત્ર), (૨) [3]પ્રતિપદ ઇત્યાદિ તિથિ, (૩) નક્ષત્ર, (૪) બવ વગેરે [4]કરણ, (૫) [5]ગ્રહ-દિવસ (વાર), (૬) મુહૂર્ત, (૭) શુકન, (૮) મેષાદિ [6]લગ્ન અને (૯) નિમિત્ત.

---

૧ હાડકાની રચના, શરીરનો બાંધો

૨ શરીરનો આકાર દેખાવ

૩ જે તિથિમાં સૂર્યોદય આવતો હોય તે તિથિને 'ઉદયતિથિ' તેમ ઉત્પાત તિથિ પણ કહે છે એવી રીતે સૂર્ય આથમતી વેળા જે તિથિ હોય તેને અસ્તતિથિ કહે છે તિથિના અભિનિવેશને લઇને જૈન વેતાંબરોમાં અનેક અજૈન ધર્મોની દીવાનાઓમાં તડ પડી છે

૪ ત્રીસ ઘડીનો કાળ

૫ ચંદ્ર વગેરેને લગતો દિવસ

૬ અહોરાત્રનો લગભગ બારમો ભાગ.

વિશેષમા દિવસ કરતા તિથિનુ, તિથિ કરતા નક્ષત્રનુ એમ ઉત્તરોત્તર અધિક બળ છે એમ અહીં કહ્યુ છે આના ૮૩મા પદ્યમા 'હોરા' શબ્દ વપરાયો છે એથી આ ગ્રીક અસરથી પ્રભાવિત હોવાનુ જણાય છે મુનિગણના નાયકને દીક્ષા, જિનમન્દિર અને જિનપ્રતિમાની પ્રતિષ્ઠા, તપશ્ચર્યા, ઉદ્યાપન વગેરેને અગે દિવસાદિના બલાબલનુ જ્ઞાન આવશ્યક ગણાય છે

વિવરણ—૧૦૫ શ્લોક જેવડા આ અજ્ઞાતકર્તૃક પ્રકીર્ણક ઉપર પ્રાકૃત કે સસ્કૃતમા કોઈ વિવરણ હોય એમ જણાતુ નથી

(૪) આઉરપચ્ચક્ખાણ (આતુરપ્રત્યાખ્યાન)—

વિષય—[1] મુખ્યતયા પદ્યોમા રચાયેલા આ પ્રકીર્ણકમા 'બાલ'મરણ, 'બાલ-પડિત'મરણ અને 'પડિત'મરણ એમ મરણના ત્રણ પ્રકારોનો તેમજ હિતશિક્ષાનો વિચાર કરાયો છે

મરણસમાહિની પેઠે આ આઉરપચ્ચક્ખાણમા તેમજ ભત્તપરિણ્ણા અને મહાપચ્ચક્ખાણમા આરાધનાનો વિષય આલેખાયો છે

કર્તા—આના કર્તા વીરભદ્ર છે

સતુલન—વિયાહપણ્ણત્તિ (શતક ૧૩, ઉ ૭, સૂત્ર ૪૯૬)મા બાલ-મરણ અને પડિત-મરણ વિષે વિસ્તૃત નિરૂપણ છે મૂલાચારના દ્વિતીય પરિચ્છેદમા આ પ્રકીર્ણકની ૫૮ ગાથા અને ત્રીજા પરિચ્છેદમા પાચ ગાથા જોવાય છે

વિવરણ—એક સો શ્લોક જેવડી આ લઘુ કૃતિ ઉપર 'અચલ'ગચ્છના ભુવનતુગસૂરિની વિ સ ૧૩૫૦ની આસપાસમા રચાયેલી

---

[1] શરૂઆતમા દસ ગાથા છે ત્યાર પછી ગદ્યક લખાણ આવ્યુ છે અને ત્યાર બાદ ૬૧ ગાથા છે

૪૨૦ શ્લોકની વૃત્તિ છે વળી વિક્રમની પદરમી સદીના [1]ગુણરત્ન-સૂરિની અવચૂરિ છે

(૫) મહાપચ્ચક્ખાણ (મહાપ્રત્યાખ્યાન)—

વિષય—આ ૧૪૨ પદ્યોમા રચાયેલી કૃતિમા દુશ્ચરિત્રની નિંદા, માયાનો ત્યાગ, 'પડિત' મરણની અભિલાષા અને પ્રશંસા, પૌદગલિક આહારથી અતૃપ્તિ, પાચ મહાવ્રતોનુ પાલન અને આરાધના એમ વિવિધ બાબતોને સ્થાન અપાયુ છે

સતુલન—૧૭૬ શ્લોક જેવડી આ અજ્ઞાતકર્તૃક પ્રકીર્ણકની બે ગાથા મૂલાચાર (પરિ૦ ૭)મા અને ત્રણ ગાથા પરિ૦ ૩ માં જોવાય છે

વિવરણ—આ અજ્ઞાતકર્તૃક પ્રકીર્ણક ઉપર કોઈ વિવરણ રચાયુ હોય એમ જણાતુ નથી

(૬) ગચ્છાયાર (ગચ્છાચાર)—

વિષય—૧૩૭ પદ્યોમા ગુથાયેલા આ પ્રકીર્ણકનો મુખ્ય સૂર ગચ્છનુ અર્થાત્ સાધુઓના સમુદાયનુ નિરૂપણ છે એમા આચાર્ય, સાધુ અને સાધ્વીનુ સ્વરૂપ વર્ણવાયુ છે વિશેષમા ગચ્છમા રહેવાનુ ફળ દર્શાવાયુ છે

ઉદ્ધાર—આ આગમનો ઉદ્ધાર મહાનિસીહ, કપ્પ અને વવહારમાથી કરાયો છે એ હિસાબે આ વીરસવત્ ૧૭૦ પછીની કૃતિ ગણાય

---

૧ એમણે ચઉસરણ ભત્તપરિણ્ણા અને સથારગ ઉપર પણ અવચૂરિ રચી છે, અને આ ત્રણની અવચૂરિના પરિમાણમા આઉરપચ્ચક્ખાણની અવચૂરિનુ પરિમાણ ઉમેરતા એ ૮૦ ગ્રન્થાગ્ર થાય છે એમ જૈન ગ્રથાવલી (પૃ ૪૬)મા ઉલ્લેખ છે

અનુલ્લેખ આ તેમજ આના પછીના ચાર પ્રકીર્ણકોનો નામોલ્લેખ નંદી તેમજ પક્ખિયસુત્તમા નથી.

વિવરણ—૧૭૫ શ્લોક જેવડા આ અજ્ઞાતકર્તૃક પ્રકીર્ણક ઉપર આનંદવિમલસૂરિના સતાનીય અને તંદુલવેયાલિયના વૃત્તિકાર વિજયવિમલે યાને વાનર (વાનર્ષિ) ગણિએ વિ. સં. ૧૬૩૪મા આશરે ૫૮૫૦ શ્લોક જેવડી વૃત્તિ રચી છે. આ આગમ ઉપર કોઈકની એક અવચૂરિ છે, અને એની એક હાથપોથી વિ. સં. ૧૬૪૬મા લખાયેલી છે.

(૭) ભત્તપરિણ્ણા (ભક્તપરિજ્ઞા)—

વિષય—૧૭૨ પદ્યોમા રચાયેલી આ કૃતિમા ચતુર્વિધ આહારના પ્રત્યાખ્યાન માટેની યોગ્ય તૈયારીઓનો નિર્દેશ કરાયો છે એમ કહી વેગા 'અભ્યુદ્યત' મરણનુ ફળ, ભક્ત-પરિજ્ઞાના બે પ્રકાર, અનશન માટેની યોગ્યતા અને એને અંગે કરાવાતા [1]સમાધિપાન અને વિરેચન, શિષ્યોને અપાયેલી શિખામણો, પાચ મહાવ્રતોના સ્વરૂપ અને ફળ તેમજ 'પાદપોપગમન' અનશન કર્યા બાદ ચાણક્યની મુખધુએ કરેલી દુર્દશા અને ચાણક્યનું સમાધિ-મરણ એમ વિવિધ બાબતો ઉપસ્થિત કરાઈ છે.

કર્તા—આના કર્તા વીરભદ્ર છે (જુઓ પૃ. ૧૭૧)

- વિવરણ—૨૧૫ શ્લોક જેવડા આ પ્રકીર્ણક ઉપર ગુણરત્નસૂરિની અવચૂરિ છે (જુઓ પૃ. ૫૨)

૧ ગા ૪૧મા કહ્યુ છે કે એલચી તજ નાગકેસર અને તમાલપત્રની સાથે સાકરવાળું દૂધ ઉકાળીને ઠારું કરી પાવુ તે 'સમાધિ-પાન' છે

(૮) મરણસમાહિ (મરણસમાધિ)—

નામ—આ પ્રકીર્ણકને [1]મરણવિભત્તિ (મરણવિભક્તિ), મરણવિહિ (મરણવિધિ), મરણવિહિસંગહ (મરણવિધિસંગ્રહ) તેમજ મરણસામાયારી (મરણસામાચારી) પણ કહે છે

વિષય—૬૬૩ પદ્યમાં રચાયેલી આ કૃતિ મૃત્યુ સમયે વેદના અને ઉપસર્ગ થાય તો તેવે સમયે સમાધિ (સમભાવ) જાળવવા માટે ઉપયોગી થઈ પડે એવી વિચારધારાઓ રજૂ કરે છે એમ કરતી વેળા નિમ્નલિખિત બાબતો આલેખાઈ છે —

આરાધનાના ત્રણ પ્રકાર, પાંચ સંક્લિષ્ટ ભાવનાનો ત્યાગ, મરણને અંગે આલોચનાદિ ચૌદ પ્રકારનો વિધિ, સૂરિના ગુણો, અનશનનું લક્ષણ, જ્ઞાનનો મહિમા, સંલેખનાવિધિ, પંડિત અને અભ્યુદ્યત એમ બે જાતના મરણ, મહાવ્રતોની રક્ષા, નિર્યામક, ક્ષામણા, નમસ્કાર, પ્રત્યાખ્યાન, અનિત્યાદિની બાર ભાવના તેમજ મુક્તિના સુખની અપૂર્વતા

વિશેષમાં નિમ્નલિખિત વ્યક્તિઓના ચરિત્ર પણ આલેખાયાં છે —

ચિલાતિપુત્ર, જિનધર્મ (શેઠ), ધન્ય અને શાલિભદ્ર તેમજ પાંચ પાંડવો

રચના-સામગ્રી—૮૩૭ શ્લોક જેવડા અને એ રીતે અહીં અપાયેલા દસે પ્રકીર્ણકોમાં સૌથી વિસ્તૃત એવા આ પ્રકીર્ણકની રચના નિમ્નલિખિત આઠ શ્રુતોના આધારે કરાઈ છે —

[1] જુઓ અંતિમ ગાથા

(૧) આઉરપચ્ચક્ખાણ, (૨) આરાહણા (પઇણ્ણગ), (૩) ભત્ત પરિ ણા, (૪) મરણવિભત્તિ, (૫) મરણવિસોહિ, (૬) મન્ધુસમાહિ, (૭) મહાપચ્ચક્ખાણ અને (૮) મ લેહણાસુય.

આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે આજે જે પ્રકીર્ણકોનો ૪૫ આગમમા સમાવેશ કરાય છે તેમા આ મરણસમાહિ નામની કૃતિ તો એ પ્રાચીન કૃતિને આધારે અને એના નામથી યોજાઈ છે

વિવરણ—આ અજ્ઞાતકર્તૃક પ્રકીર્ણક ઉપર કોઇએ વિવરણ રચ્યાનુ જણાતુ નથી

(૯) સથારગ (સસ્તારક)—

વિષય—૧૨૩ પદ્યોમા ગુથાયેલી અને ૧૫૫ શ્લોક જેવડી આ કૃતિમા અતકાળની આરાધનારૂપ સસ્તારકનો મહિમા વર્ણવાયો છે એમ કરતી વેળા એ સસ્તારકની મગળતા શ્વેત કમળ, (પૂર્ણ) કળશ, સ્વસ્તિક, નદ્યાવર્ત અને ઉત્તમ પુષ્પની માળા કરતા અધિક હોવાનો ઉલ્લેખ કરાયો છે વળી કોનું સસ્તારક વિશુદ્ધ ગણાય એ બાબત વિષે તેમજ વિધિપૂર્વક સંસ્તારક ઉપર આરૂઢ થયેલા ક્ષપકના સુખ અને ક્ષમાપનાની વિધિ વિષે અહીં વિચાર કરાયો છે વિશેષમા સંસ્તારક ઉપર આરૂઢ થઈ 'પડિત' મરણ પામનારી નિમ્નલિખિત વ્યક્તિઓના દૃષ્ટાન્તો રજૂ કરાયા છે —

અમતઘોષ (રાજર્ષિ), અર્ણિકાપુત્ર, અવતિ (સુકુમાલ), (આર્ય) કાર્તિક, ગજસુકુમાલ, ('ઇંગિણી' મરણ સ્વીકારનાર) ચાણક્ય, ચિલાતીપુત્ર, દડ (રાજર્ષિ), ધર્મસિંહ, લલિતઘટ નામના ૩૨ પુરુષો, (ગોશાલકે તેજોલેશ્યા મૂકી ભસ્મીભૂત કરેલા બે મુનિવરો) સર્વાનુભુતિ અને સુનક્ષત્ર, સુકોશલ ઋષિ તેમજ સ્કદક મુનિવરના પાચસો શિષ્યો

વિવરણ—આ અજ્ઞાતકર્તૃક પ્રકીર્ણક ઉપર આઉરપચ્ચકખાણના વૃત્તિકાર 'આંચલિક' ભુવનતુંગસૂરિની અવચૂરિ છે વળી ગુણરત્ન સૂરિની પણ એક અવચૂરિ છે અને એનું પરિમાણ ૧૧૦ શ્લોકનું છે

(૧૦) ચઉસરણ (ચતુઃશરણ)—

નામ—૬૩ પદ્યોમા રચાયેલા આ પ્રકીર્ણકને 'કુસલાણુબંધિ-અજ્ઝયણ (કુશલાનુબંધ્યધ્યયન) પણ કહે છે

વિષય—આ લઘુ કૃતિમા વિવિધ બાબતો વિચારાઈ છે જેમકે સામાયિકાદિ છ આવશ્યકોના ફળ, ચૌદ સ્વપ્નોના નામ, અરિહંત (જૈન તીર્થંકર), સિદ્ધ, સાધુ અને કેવલિ પ્રરૂપેલા ધર્મ એ ચાર શરણો, દુષ્કૃત્યની નિન્દા અને સત્કાર્યની અનુમોદના

કર્તા—આ પ્રકીર્ણકના કર્તા વીરભદ્ર છે

વિવરણ—૮૦ શ્લોક જેવડી આ કૃતિ ઉપર ગુણરત્નસૂરિની અવચૂરિ છે (જુઓ પૃ ૫૨)

આમ અહીં જે દસ પ્રકીર્ણકોનો પરિચય અપાયો છે તે પૈકી છ તો સમાધિમરણ સાથે સંબંધ ધરાવે છે અંતસમયે સમભાવ જાળવવો એ નહેવી વાત નથી "જેનો અંત સુધર્યો તેનું બધુ સુધર્યું" એમ જે કહેવાય છે તે લોકોક્તિને કેમ ચરિતાર્થ કરવી તે આ પ્રકીર્ણકમા દર્શાવાયું છે

પરિમાણ—આ પ્રમાણે પ્રકીર્ણકોનો અધિકાર પૂરો થાય છે એટલે એનું એકંદર પરિમાણ ૨૭૫+૫૦૦+૧૦૫+૧૦૦+૧૭૬+૧૭૫+૨૧૫+૮૩૭+૧૫૫+૮૦=૨૭૧૮ શ્લોકનું છે એ વાત હું નોંધું છું

પ્રકરણ ૭ બે ચૂલિકાસૂત્ર

(૧) નંદી—

નામ—આને કેટલાક 'નંદિ' પણ કહે છે વિશેષમાં કોઈ કોઈ વિદ્વાન્ તો 'નંદી' એ 'નાન્દી'નું પ્રાકૃત સમીકરણ હોવાની કલ્પના કરે છે

વિષય—'દ્રવ્ય' અનુયોગના નિરૂપણરૂપ આ આગમમાં ૫૯ સૂત્રો છે અને ૯૦ પદ્યો છે શરૂઆતમાંના ૪૭ પદ્યો જેટલો ભાગ સ્થવિરાવલીરૂપ છે પ્રારંભમાં મહાવીરસ્વામીની સ્તુતિ છે ત્યાર બાદ નગર, ચક્ર, રથ ઇત્યાદિ રૂપક દ્વારા સંઘની મનોરમ સ્તુતિ કરાઈ છે આ આગમનો મુખ્ય વિષય મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ એ પાંચ જ્ઞાનરૂપ ભાવ-નંદીના પ્રકારો અને ઉપપ્રકારનું નિરૂપણ છે

સૂ ૪૨માં અનેક અજૈન ગ્રંથોનો ઉલ્લેખ છે વિશેષમાં દ્વાદશાંગીનો પરિચય પણ આ આગમમાં અપાયો છે

આ ઉપરાંત સૂ ૪૪માં આગમોના 'અંગપ્રવિષ્ટ' અને 'અંગબાહ્ય' જેવા જે મુખ્ય બે ભેદો પડે છે તેમાંના બીજા ભેદના 'આવશ્યક' અને 'આવશ્યકવ્યતિરિક્ત' એવા બે પેટાભેદો દર્શાવાયા છે ત્યાર બાદ આવશ્યકના સામાયિકાદિ છ પ્રકાર અને આવશ્યક-વ્યતિરિક્તના 'કાલિક' અને 'ઉત્કાલિક' એવા બે પ્રકારોનો નિર્દેશ કરાયો છે આગળ જતાં 'ઉત્કાલિક' તરીકે ૨૯ આગમો અને 'કાલિક' તરીકે ૩૧ આગમોનો નામોલ્લેખ છે[1] તેમાં બાર ઉપાંગો પૈકી ઓવવાઇય, રાયપસેણિય, જીવાભિગમ, પણ્ણવણા અને સૂરપણ્ણત્તિ એ પાંચનો 'ઉત્કાલિક' તરીકે અને જંબુદ્દીવપણ્ણત્તિ,

૧ પક્ખિયસુત્તમાં પ્રથમ 'કાલિક'શ્રુત તરીકે ૩૭ ગ્રંથોનો ઉલ્લેખ છે, અને ત્યાર બાદ 'ઉત્કાલિક' તરીકે ૨૮ ગ્રંથો ગણાવાયા છે

ચંદપણ્ણત્તિ, કપ્પિયા, કપ્પવડિંસિયા, પુપ્ફિયા, પુપ્ફચૂલિયા અને વણ્હિદસા, એ સાતનો 'કાલિક' તરીકે ઉલ્લેખ છે

વિશેષમાં મૂલસૂત્રો પૈકી દસવેયાલિયનો 'ઉત્કાલિક' તરીકે અને ઉત્તરજ્ઝયણનો 'કાલિક' તરીકે ઉલ્લેખ છે

છ છેદસૂત્રો પૈકી પહેલા ચાર સૂત્રો અને છટ્ઠાનો 'કાલિક' તરીકે ઉલ્લેખ છે[1]

દસ પ્રકીર્ણકો પૈકી આઉરપચ્ચક્ખાણ, ગણિવિજ્જા, તંદુલવેયાલિય, દેવિંદથય અને મહાપચ્ચક્ખાણ એ પાંચનો 'ઉત્કાલિક' તરીકે નિર્દેશ છે[2]

નંદી અને અણુઓગદ્દાર એ બે આગમોની પણ 'ઉત્કાલિક' તરીકે ગણના કરાઈ છે

કર્તા—આ આગમના કર્તા દૂષ્યગણિના શિષ્ય દેવવાચક છે એમને કેટલીક વ્યક્તિઓ આગમોને પુસ્તકારૂઢ કરનાર દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ તરીકે ઓળખાવે છે, પરંતુ એ વાત વ્યાજબી જણાતી નથી

રચના-સમય—આ આગમમાં જે અજૈન ગ્રંથોનો ઉલ્લેખ છે તે વિચારતાં આ આગમની રચનાની પૂર્વ સીમા તરીકે ઈ સ. ના ત્રીજા સૈકાનો અને ઉત્તર સીમા તરીકે ઈ સ. ના પાંચમા સૈકાનો નિર્દેશ થઈ શકે તેમ છે

સમીક્ષા—દ્વાદશાર-નયચક્ર ઉપરની સિંહસૂરગણિકૃત ટીકામાં "સવ્વજીવાણ પિ" નો સૂત્ર તરીકે અને નિમ્નલિખિત ગાથાનો ભાષ્ય તરીકે નિર્દેશ છે —

---

૧ જીયકપ્પને ઉત્કાલિક તરીકે આજકાલ ગણવામાં આવે છે

૨ ચઉસરણ ગચ્છાયાર, ભત્તપરિણ્ણા મરણસમાહિ અને સંથારગ એ પાંચ પ્રકીર્ણકોનો ઉત્કાલિક તરીકે આજકાલ નિર્દેશ કરાય છે

[1] त पि जति आयरिजेज तेण जोगो चदसूराण

આથી એમ લાગે છે કે નંદીગત કોઈ કોઈ પદ્યો એના ભાષ્યના હશે. નંદીના પ્રારંભમાં અપાયેલી સ્થવિરાવલી આવશ્યકની નિર્યુક્તિગત સ્થવિરાવલી સાથે સરખાવી શકાય તેમ છે

નંદી (સૂ ૪૧)માં સમ્યક્-શ્રુતનું જે નિરૂપણ છે તે શબ્દશઃ અનુઓગદ્દાર (સૂત્ર ૪૨)માં જોવાય છે

ચૂર્ણિ—૭૦૦ શ્લોક જેવડા અને 'વ્યાખ્યા-મંગલ-ગ્રંથ' તરીકે 'આગમોદ્ધારક' શ્રીઆનંદસાગરસૂરિજી દ્વારા નિર્દેશાયેલા આ આગમ ઉપર ૧૫૦૦ શ્લોક જેવડી અને વિ સં [2]૭૩૩માં રચાયેલી ચૂર્ણિ છે એના કર્તા જિનદાસગણિ મહત્તર છે

હરિભદ્રસૂરિએ આ આગમ અને એની ચૂર્ણિને અનુલક્ષી ...૩૩ શ્લોક જેવડી વૃત્તિ રચી છે મલયગિરિસૂરિએ પણ વૃત્તિ રચી છે અને તેમ કરતી વેળા હારિભદ્રીય વૃત્તિનો પણ એમણે ઉપયોગ કર્યો છે 'જયઇ'થી શરૂ થતી પદ્યત્રિપુટી ઉપરની એમની આ વૃત્તિ ન્યાયશાસ્ત્રના અભ્યાસી માટે એક ઉત્તમ સાધન પૂરું પાડે છે એ વૃત્તિ ૭૭૩૨ શ્લોક જેવડી છે

વિસેસાવસ્સયભાસના વૃત્તિકાર મલધારી હેમચન્દ્રસૂરિએ નંદિટિપ્પણ રચ્યું છે,[3] પણ એની એક હાથપોથી હજી સુધી તો મળી આવી નથી શું આ કૃતિ નંદીની હારિભદ્રીય વૃત્તિનું ટિપ્પણ હશે?

---

૧ આ ગાથા કપ્પના ભાષ્યમાં જોવાય છે

૨ આગમોદ્ધારકને મતે એનો લિપિ-માન શકસંવત્ ૫ નો છે

૩ જુઓ વિસેસા૰ની વૃત્તિની પ્રશસ્તિ

(૨) અણુઓગદાર (અનુયોગદ્વાર)—

વિષય—લગભગ ૨૦૦૦ શ્લોક જેવડા અને પ્રશ્નોત્તર શૈલીએ મુખ્યતયા ગદ્યમાં ૧૫૨ સૂત્રમાં રચાયેલા અને 'દ્રવ્ય' અનુયોગના વિવરણરૂપ આ આગમ અનુયોગના ચાર દ્વાર નામે ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય ઉપર પ્રકાશ પાડે છે. વિશેષમાં એમાં નિમ્નલિખિત બાબતોને સ્થાન અપાયું છે :—

પલ્યોપમ અને સાગરોપમનું તેમજ સંખ્યાના સંખ્યાત, અસંખ્યાત અને અનંત એ મુખ્ય ત્રણ પ્રકારોનું અને એના એકંદર ઉપપ્રકારોનું સ્વરૂપ, પ્રમાણના પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ એ ચાર પ્રકારો, આગમના અર્થાગમ અને સૂત્રાગમ એ બે પ્રકારો અને એના બબ્બે ઉપપ્રકારો, આગમના પર્યાયો, નામના પ્રકારો જેવી વ્યાકરણવિષયક વિચારણા, નવ કાવ્ય-રસ જેવી કાવ્યશાસ્ત્રની વાનગી, સંગીતશાસ્ત્રને લગતી કેટલીક હકીકતો તેમજ નંદીની પેઠે અનેક અજૈન ગ્રંથોના નામો.

કર્તા—વિવિધ આગમોના પ્રવેશદ્વારની ગરજ સારનારા આ આગમની રચના કેટલાકને મતે આર્ય રક્ષિતસૂરિને હાથે થઈ છે. એ હિસાબે આ આગમ ઈ. સ. બીજી સદીની કૃતિ ગણાય.

સમતુલન—સૂ. ૧૫૧ એ આવશ્યકની નિર્યુક્તિની ગા. ૧૪૦-૧૪૧ (મલયગિરીય વૃત્તિ પ્રમાણે ૧૩૭-૮) સાથે મળતું આવે છે.

વિવરણ—આ આગમ ઉપર ૨૨૬૫ શ્લોક જેવડી કોઈકની ચૂર્ણિ છે અને એ મુદ્રિત છે. વિશેષમાં આ આગમ ઉપર સુપ્રસિદ્ધ હરિભદ્રસૂરિની 'શિષ્યહિતા' નામની ૩૦૦૦ શ્લોકની વૃત્તિ છે અને

૧ પ્રથમ પત્રમાં જે નન્દીચૂર્ણિનો ઉલ્લેખ છે તે શું જિનદાસગણિની વૃત્તિ છે?

એ પણ છપાયેલી છે આ બંનેમા 'શરીર' પદ ઉપરની જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની ચૂર્ણિને સ્થાન અપાયુ છે જુઓ અનુક્રમે પત્ર ૭૪ અને ૯૮ ભવભાવણા વગેરેના કર્તા અને વિ સં ૧૧૮૦ની આસપાસમા સ્વર્ગે સચરેલા 'મલધારી' હેમચન્દ્રસૂરિની ૫૮૦૦ શ્લોકની એક વૃત્તિ છે અને તે પ્રસિદ્ધ થયેલી છે

પરિમાણ—આ બે ચૂલિકાસૂત્રનુ એકદર પરિમાણ લગભગ ૭૦૦+૨૦૦૦=૨૭૦૦ શ્લોકનુ છે

૪૫ આગમોનુ પરિમાણ—આપણે આગમોના છ વર્ગનુ પૃથક્ પૃથક્ પરિમાણ તે તે વર્ગના પરિચયના અતમા નોધી ગયા અહીં એ છયે વર્ગના એકદર પરિમાણની શ્લોક-સખ્યા નીચે મુજબ હુ દર્શાવુ છુ —

૩૫ ર[1] + ૨[2] ૨૩૭ + [1] ૪૩૨૦ + ૮૫૭૧ + ૨૭૧૮ + ૨૭૦૦ = ૮૦૧૨૨

અભિલાષા—શ્રુતજ્ઞાનના પ્રતિનિધિરૂપ ઉપસ્થિત આગમોની વિચારણા હવે પૂરી થઈ છે એટલે અતમા આ શ્રુતજ્ઞાનનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ છે તો એ બંનેને ક્રમશ પ્રાપ્ત કરવા સૌ કોઈ ભાગ્યશાળી થાઓ એ અભિલાષા



---

૧ આને બદલે ૩૮૦૦ ગણીએ તો ૭૯૬૦૨ થાય

૨ આ સુપરિચિત આગમો ઉપરાત અન્ય આગમો છે એમાના કેટલાક આજે અપ્રાપ્ય છે જ્યારે બાકીના ઉપલબ્ધ આગમો અલ્પ-પરિચિત છે

આગમ-પુરુષની પ્રતિકૃતિ

જૈનો પોતાના મૌલિક અને મહત્ત્વના ધાર્મિક ગ્રંથોને 'આગમ' કહે છે એને પુરુષની ઉપમા અપાતા એનો 'આગમ-પુરુષ' તરીકે નિર્દેશ થતો આવ્યો છે અને થાય છે માનવી પુરુષને જેમ અગો અને ઉપાગો છે તેમ આ આગમ-પુરુષને પણ છે આ પ્રકારની પ્રથમ કલ્પનાનુ બીજ જિનદાસગણિ મહત્તરે નદીની ચુણ્ણિ (પત્ર ૪૭મા) એક ગાથા દ્વારા રજૂ કર્યું છે એ ગાથા આગમ-પુરુષની આ પ્રતિકૃતિમા, એના ભામડળના પરિઘરૂપે રજૂ કરાઈ છે એમા સૂચવાયા મુજબ આયારથી માડીને દિટ્ઠિવાય સુધીના બાર અગો તે આગમ-પુરુષના અનુક્રમે નીચે મુજબના બાર અગો-અવયવો છે —

બે ચરણ, બે જઘા, બે સાથળ, બે બાહુ, ડોક અને મસ્તક

જમણી બાજુને ડાબી બાજુ કરતા સામાન્ય રીતે પ્રધાન પદ અપાય છે તે દૃષ્ટિએ અહીં પણ જમણા ચરણથી, નહિ કે ડાબાથી, આયારાદિ બાર અગોની યોજના કરાઈ છે

દિટ્ઠિવાય એ આગમ-પુરુષનુ મસ્તક હોવાથી એ બારમા અગમાથી ઉદ્ભવેલા છેદસૂત્રો આગમ-પુરુષના ભામડળ તરીકે આલેખાયા છે

આગમોના અર્થના પ્રરૂપક દેવાધિદેવ વિશ્વવિભૂતિ તીર્થંકર છે એઓ એ પ્રરૂપણા સર્વજ્ઞ (કેવલજ્ઞાની) બન્યા બાદ કરે છે એમના કેવલજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થતા ત્રિપદીરૂપ કમલ વિકસિત બને છે અને એના આધારે બાર અગો યોજાય છે એ અગો બાર ઉપાગો સાથે સકલિત હોવાનુ મનાય છે એ હિસાબે આ પ્રતિકૃતિમા પ્રત્યેક અગની સાથે સાથે એના ઉપાગનો નિર્દેશ

કરાયો છે કમળની નાળના મૂળ તરીકે ચાર મૂલસૂત્રોને અને એ કમળની નીચે બે બાજુએ બે ચૂલિકાસૂત્રોને સ્થાન અપાયું છે

સૂર્યના વિવિધ કિરણો તે પ્રકીર્ણકો છે અહીં દસ પ્રકીર્ણકોને એ રીતે રજૂ કરાયા છે

આમ આ આગમ-પુરુષ ૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૪ મૂલસૂત્ર, ૬ છેદસૂત્ર, ૧૦ પ્રકીર્ણક અને ૨ ચૂલિકાસૂત્ર એમ એકંદર ૪૬ આગમોના અધિષ્ઠાનરૂપ છે

આગમ-પુરુષની ઊભી પ્રતિકૃતિ કાયોત્સર્ગ-મુદ્રાને મોટે ભાગે મળતી આવે છે, જ્યારે એની હથેળી અભય-મુદ્રાનું દ્યોતન કરે છે આ દ્વારા, જ્ઞાનાવરણીય કર્મની નાગચૂડમા અનાદિ કાળથી સપડાયેલા જીવો પૈકી જેઓ આગમોની સાચી અને સંપૂર્ણ આરાધના કરે તેમને એ અભય અર્પે છે એ ભાવ વ્યક્ત કરાયો છે.

હી ૨.